સંયમ સંવેદના

ભાગ – ૧

પં. ભવ્યસુંદરવિજય

નામ	:	સંયમ સંવેદના
ભાગ	:	૧
લેખક	:	પં. ભવ્યસુંદરવિ.
ભાષા	:	ગુજરાતી
વિષય	:	વાચના
પ્રકાશક	:	શ્રમણોપાસક પરિવાર
		books@shramanopasak.in

JSBN
SPARI0011

FOR PRIVATE CIRCULATION ONLY

©જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રમણ ભગવંતો

આના વાંચનના અધિકારી માત્ર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુ–સાધ્વી ભગવંતો જ છે.

આ સંવેદના છે, ઉપદેશ નહીં...

અનેક પ્રમાદોથી ભરપૂર સંયમ જીવી રહેલા મને,
અપ્રમત્ત સાધનાના સ્વામી સંયમીઓને ઉપદેશ આપવાનો તો અધિકાર પણ શી રીતે હોઈ શકે ?
મારે તેમના જીવનમાંથી આલંબન લેવું જોઈએ, તેમની ઉપાસના કરવી જોઈએ, તેમના ચરણોમાં બેસીને અપ્રમત્ત સાધનાનો માર્ગ શીખવો જોઈએ..

છતાં પણ,
મારા જીવનને ઉર્ધ્વગામી બનાવવા માટે થયેલા પ્રશ્નો
અને
મારા આશ્રિતોની મૂંઝવણોના
ઉકેલ માટે ઉહાપોહ કરતાં,
પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી, ભવોદધિતારક પૂજ્યપાદ ગુરૂદેવશ્રી અને અન્ય પૂજ્ય વડીલો પાસેથી સાંભળેલી વાતો, વાંચેલ પુસ્તકો અને કરેલ અભ્યાસમાંથી
દેવ–ગુરૂ કૃપાથી જે તારણો ઊભરી આવ્યા,
તેનો માત્ર સંવિભાગ કરવાનો આ પ્રયાસ છે..
એ સ્વરૂપે જ એને સમજવા નમ્ર પ્રાર્થના છે.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય, તો મિચ્છા મિ દુક્કડમ્.

દ.
ભવ્યસુંદરવિજય

અનુક્રમણિકા

ગુરૂ – એક કોચ 1

સ્વચ્છંદતા 2

વિકાસ શી રીતે થાય? 3

સમર્પણ લાવવું શી રીતે ? 5

સમર્પણ 6

અનુશાસન 7

ક્ષમાશ્રમણતા 8

સ્યાદ્વાદ આપણે પરિણમાવ્યો છે ? 9

जहागहियं पुव्वसूरीहिं 11

ગુરૂ – પારતંત્ર્ય ની પરીક્ષા… 12

સહવર્તીઓ સાથે સ્નેહ 13

સાધુએ ભણવા માટે એકાંતમાં બેસાય? 15

BALANCE 18

બંધન કે સુરક્ષા ? 19

દોષ કોને ? ગુરૂ કે શિષ્યને ? 20

વિરતિ પરિણામ 22

' હિતકર' બોલવું 24

ઋજુતા 25

ઈર્યાસમિતિ 27
પડિલેહણ–૧ 27
પડિલેહણ–૨ 28
ત્યાગ અને વૈરાગ્ય 29
ઈન્દ્રિય નિગ્રહ 30
સંયમ – હિંસાત્યાગ કે રાગત્યાગ...? 32
પરિષહ 35
સહન કરવું 36
जे सारक्खाया से तयक्खाया 37
'અઈઅં નિંદામિ' 38
કહાણી – સરખામણીની 39
સાધુની સેવા : અનુકંપા કે ભક્તિ ? 42
ગોચરી આલોવવી 42
ગુણાનુરાગ 43
ક્રિયાનો આશય 44
ઔચિત્ય 44
ગુણવિકાસ કે શક્તિવિકાસ ? 46
વ્યવહાર/નિશ્ચય અને દુર્નય 48

પૂ.પં. શ્રી ભવ્યસુંદરવિ. મ.સા. લિખિત / સંપાદિત

શ્રમણોપયોગી સાહિત્ય

1. **શ્રુત–રત્ન–નિધિ ભાગ – ૧ થી ૧૦**
   (૧૦૮ ગાથાના ૧ એવા ૨૮ ગ્રંથોમાં, ૬૫ ગ્રંથોમાંથી પસંદ કરેલી ગોખવા યોગ્ય ૩૦૦૦ ગાથાઓના સંગ્રહ)

2. **દશ વૈકાલિક સૂત્ર સાર્થ ભાગ ૧–૨**
   (પસંદ કરેલી ગાથા – અન્ય ગાથા – અર્થ; એમ ત્રણ જુદા રંગમાં પ્રકાશિત)

3. **કર્મગ્રંથ ૧ થી ૪ – પદાર્થ સંગ્રહ**
   (૧ મહિનામાં સરળતાથી થઇ શકે તે રીતે, માત્ર ૧૦૪ પાનાંમાં)

4. **વ્યાપ્તિ પંચક – માથુરી – ગુજરાતી વિવેચન**
   (અન્યત્ર અનુપલબ્ધ એવી – આપત્તિના સ્થળ શી રીતે શોધી શકાય? તેનું નિવારણ શી રીતે ગોતી શકાય ? તેની વિચારણા)

5. **વ્યુત્પત્તિવાદ – દ્વિતીયા કારક – પ્રથમ ખંડ – વિવેચન**

6. **અનુપ્રેક્ષા ઉપવન ભાગ ૧–૨**
   (વિવિધ શાસ્ત્રપંક્તિઓ પર વિશિષ્ટ વિચારણાઓ)

7. **સંયમ સંવેદના ભાગ ૧–૨**
   (સંયમની વિશુદ્ધિ, પરિણતિની નિર્મળતામાં અત્યંત ઉપયોગી લેખો)

8. **સંયમ–સંજીવની : સ્વાધ્યાય**
   (શ્રમણોને અભ્યાસોપયોગી માર્ગદર્શન)

ગુરૂ – એક કોચ

રમત– જગતમાં કોચની બહુ બોલબાલા છે.
અચ્છામાં અચ્છા ખેલાડીઓ પણ પોતાની રમત સુધારવા કોચ રાખે છે. તેને પગાર આપે છે !
વર્લ્ડમાં નં. ૧ – ટેનિસ કે બેડમિન્ટન ખેલાડીને પણ કોચ હોય છે. સચિન તેંડુલકર કે વિરાટ કોહલી પણ કોચ રાખે છે. કારણ ?
તે સહુ માને છે કે – 'હું ગમે તેટલો સારો ખેલાડી હોઉં, મારી પણ ભૂલ થાય છે, થઈ શકે છે. અને હું પોતે મારી શું ભૂલ થઈ ? તે નથી સમજી શકતો – કોચ જ મારી ભૂલને સમજી શકે છે.' એટલા માટે જ કોચ રાખે છે. વધુમાં વધુ ભૂલ કાઢીને સુધારનાર કોચ શ્રેષ્ઠ ગણાય છે.
કોચ રાખ્યા પછી, તે ભૂલ કાઢે ત્યારે ખેલાડ઼ી તે સ્વીકારે નહીં, સુધારે નહીં, અને દલીલ કરે – 'હું નં.૧ ખેલાડી છું.. તેં ક્યારેય બેટ પકડ્યું છે ? તું શું મારી ભૂલ કાઢવાનો ?' તો નુકસાન કોચને નથી થતું, ખેલાડીને થાય છે.
અને **કોચે બતાવેલી ભૂલ ખેલાડી સ્વીકારે, સુધારે; તો લાભ પણ ખેલાડીને થાય છે...**
આધ્યાત્મિક જગતમાં 'ગુરૂ' નું સ્થાન પણ તેવું જ છે...
શા માટે આપણે સ્વયં મોક્ષમાર્ગે ન જતા, ગુરૂને પસંદ કર્યા ? (વાસ્તવમાં ગુરૂ વિના મોક્ષમાર્ગ જ મળતો નથી.)
આપણે જાણતા હતા કે,
માર્ગની આપણને જાણ નથી. સાચી સમજ નથી. ગુરૂ પાસેથી સાચી સમજ મળશે... તો આપણી મુસાફરી મંઝિલે પહોંચશે... નહિં તો અટવાઈ જઈશું.... એટલે ભોમિયા રૂપે ગુરૂને સ્વીકાર્યા....
હવે...
જ્યારે આપણે ખોટા રસ્તે ચાલવા માંડીએ, અને ગુરૂ ભૂલ કાઢે (ઠપકો આપે, યાવત્ શિક્ષા કરે); ત્યારે આપણે તેમની વાત ન માનીએ, તો નુકસાન કોને ?
ગુરૂને શું નુકસાન થવાનું ? આપણે ભટકી જવાના.....
વધુમાં વધુ ભૂલ કાઢનાર કોચ ઉપકારી/શ્રેષ્ઠ ગણાય છે.
પણ જો ગુરૂ વધારે ભૂલ બતાવે, તો
'વારંવાર ટોકે છે, કટકટ કરે છે...'
એવું આપણા મનમાં થાય, તો નુકસાન કોને?
ગુરૂ ભૂલ કાઢે, ત્યારે સ્વીકારવાને બદલે બચાવ કરીએ, 'મારી ભૂલ નથી' એ સાબિત કરવાનો પ્રયાસ કરીએ; 'તેમની ભૂલ છે – ભ્રમ છે – ગેરસમજ છે' તેવું પુરવાર કરવા

પ્રયાસ કરીએ, તે તો કોચ રાખ્યા પછી, કોચને શીખવવા જેવું મૂર્ખ કૃત્ય નથી ? તેમાં નુકસાન કોને ?

યાદ રાખીએ,

કોચ રાખ્યા પછી, કોચ ભૂલ ન સુધારે – તો તેને રવાના કરવામાં આવે છે...

શાસ્ત્રકારોએ સારણા – વારણા ન કરનાર ગુરૂ, 'ગુરૂ' નથી તેમ કહ્યું છે.

'ભૂલ કાઢવી – સુધારવી' એ જ તેમનું કાર્ય છે... એ નજરમાં રાખી, ગુરૂ ભૂલ કાઢે, ત્યારે સ્વીકારીએ, સુધારીએ, તો લાભ આપણને છે.

સ્વચ્છંદતા

સમર્પણનું મહત્ત્વ શાસ્ત્રકારોએ યત્ર– તત્ર– અનેકત્ર પ્રસ્થાપિત કર્યું છે.

'ગુરૂકુળવાસ એ જ મૂળગુણ' (આચારાંગ સૂત્ર) વગેરે અનેક શાસ્ત્રપાઠો છે.

સ્વચ્છંદતા – એ સમર્પણની ઘાતક છે... અને એટલે અતિ – ભયંકર દોષ છે. એ પણ શાસ્ત્રકારોએ અનેકત્ર કહ્યું છે. સ્વચ્છંદવિહારીને ભારેકર્મી કહ્યા છે.

આજે એ વાત કરવી છે કે,

ગુરૂની આજ્ઞાનો છડેચોક ભંગ, ગુરૂકુળવાસ છોડીને સ્વતંત્ર વિચરવું.... વગેરે તો સ્વચ્છંદતા છે, એ કદાચ સમજાયેલું છે.

પણ આટલી મોટી સ્વચ્છંદતા જેમાંથી ઊભી થાય છે. તે નાની– નાની સ્વચ્છંદતાઓ આપણને ગંભીર જણાય છે ખરી ?

- એક પુસ્તક કદાચ ગુરૂ ભગવંતની રજા વિના વાંચી લીધું.
- એકાદ દ્રવ્ય ગુરૂ ભગવંતની રજા વિના વાપરી લીધું.
- કોઈ વ્યક્તિને ગુરૂ ભગવંતની રજા વિના ઉપદેશ આપી દીધો....
- કોઈને પત્ર લખ્યો, કોઈને ફોન કરાવ્યો, કોઈને બોલાવ્યા, કોઈ એક ચીજ મંગાવી, કોઈ વસ્તુ મોકલી, કોઈ ચીજ વહોરી, કોઈ ચીજ રાખી....

આપણને કદાચ લાગે કે, આ બધી નાની બાબતો છે. એમાં એટલો મોટો દોષ શું ?

મને લાગે છે કે, કરેલું કાર્ય કદાચ નાનું હોય; પણ 'પૂછ્યા વગર કરવાની' જે વૃત્તિ છે, તે દોષ નાનો નથી.....

જો શ્વાસ લેવા કે આંખ પટપટાવવા માટે પણ (બહુવેલ દ્વારા) ગુરૂની રજા લેવાની ફરજીયાત હોય (કે જેમાં કદી ના પાડી શકાય નહીં, ના પાડે તો રોકી શકાય નહીં.);

ગુરૂ હાજર ન હોય તો પણ 'પૂછ્યા વિના ન કરાય' એવા સંસ્કાર જાળવી રાખવા, ગુરૂની સ્થાપના કરીને તેમની પાસે રજા લેવી ફરજીયાત હોય (જેમાં પણ ના પાડવાની શક્યતા નથી);

તો પછી કોઈ પણ કાર્ય ગુરૂની રજા વિના કેમ થઈ શકે ?

શંકા : પણ જે કાર્ય કરવામાં નિશ્ચિત લાભ હોય, જેમાં ગુરૂ હા જ પાડવાના હોય તેમાં શું પૂછવાનું ?

સમાધાન : લાભ–નુકસાન તો ગીતાર્થ જ જાણી શકે. આપણી ટૂંકી દૃષ્ટિએ જેમાં લાભ હોય, તેમાં ગીતાર્થને નુકસાન પણ દેખાતું હોઈ શકે. અને કદાચ લાભ હોય જ, કે ગુરૂ હા જ પાડવાના હોય – તેવી ખબર જ હોય, તો પણ પૂછવું ફરજીયાત છે. જે કામ ગુરૂએ જ કરવાનું કહ્યું હોય, તે કરતાં પૂર્વે પણ શાસ્ત્રકારે પ્રતિપૃચ્છા કરવાની ફરજીયાત મૂકી હોય, તો આપણે વિચારેલા કાર્ય માટે શું કહેવું ?

વસ્તુત: તો 'આમાં લાભ જ છે.' તેવો નિર્ણય કરી લેવો; તે પોતાની બુદ્ધિ/જ્ઞાનનું મિથ્યા અભિમાન હોય છે. તેવું મને લાગે છે... આગળ વધીને ગુરૂ પ્રત્યે અનાદર પણ હોઈ શકે છે....

અને એ તો નક્કી જ છે કે કાર્ય નિશ્ચિતપણે કરવા જેવું હોય, તો પણ, પૂછ્યા વિના કરવું – એ તો સ્વચ્છંદતા જ છે... અને તે વૃત્તિ–સંસ્કાર જ આગળ જતાં મોટી સ્વચ્છંદતાઓમાં પરિણમે છે. જે દીર્ઘ સંસાર વધારે છે.

એટલે

જે કાર્યો રોજના નિયત છે. (પ્રતિક્રમણ – પડિલેહણાદિ...)

જેની રજા બહુવેલ વગેરે દ્વારા લેવાઈ જાય છે.

જેના પ્રારંભની રજા લેવાઈ ગઈ છે, અને ચાલુ છે.... (ઉદાહરણ રૂપે કોઈ ગ્રંથનો પાઠ)

તેવા કાર્યોમાં વિશેષ પૃચ્છા ન કરાય – સામાન્ય પૃચ્છા કરાય કે જાણ કરાય, તે ચાલી શકે.

તે સિવાયનું કોઈપણ કાર્ય – ગુરૂને પૂછીને જ કરવું જોઈએ.... (ગુરૂ = નિશ્રાદાતા ગીતાર્થ)

તો જ તે વાસ્તવિક ધર્મકૃત્ય બને....

તે વિના તે વ્યવહારથી ધર્મ હોવા છતાં નિશ્ચયથી ધર્મ નથી....

આપણે જ જો ગ્રુપના વડીલ હોઈએ, તો મહત્ત્વના દરેક નિર્ણય ગુરુદેવ કે ગચ્છાધિપતિને પૂછીને કરવા જોઈએ.

વિકાસ શી રીતે થાય?

સાધુને બાહ્ય વિકાસ → પદ–પ્રતિષ્ઠા–પ્રસિદ્ધિની ખેવના તો હોય જ નહીં.

તેનું લક્ષ્ય આંતરિક વિકાસ → આચારશુદ્ધિ, પરિણતિની નિર્મળતાનું હોય.

વિકાસ એટલે શું ?

ભૂલ સુધરવી – તેનું નામ જ વિકાસ છે.

આવો વિકાસ કોનો થાય ?

1. જે એમ માનતો હોય કે 'મારી ભૂલ કદી થાય જ નહીં..' તેની ભૂલ સુધરવાની શી રીતે?
   એટલે સૌ પ્રથમ તો આપણે આત્માને ભાવિત કરવો જોઈએ કે 'હું છદ્મસ્થ છું, અજ્ઞાની છું, અપૂર્ણ છું, મારી ભૂલ થઈ શકે છે, થતી જ હોય છે'
   આ સંસ્કાર એટલા પ્રબળ બનાવવા જોઈએ કે 'મારી ભૂલ હોય જ નહીં.' આવો વિચાર સ્વપ્નમાં પણ ન આવે.
   જેમણે આવું વિચાર્યું – તેમનું પતન થયું જ છે. જમાલિ, કૂલવાલક વગેરે જાણીતા દૃષ્ટાંતો છે.
2. આપણને આપણી ભૂલ સ્વયં સમજાય, તેવું તો જવલ્લે જ બનતું હોય છે.
   એટલે વિકાસ માટે, કોઈક ભૂલ બતાવનાર જોઈએ.
   તેથી જ શ્રેષ્ઠ ગણાતા રમતવીરો પણ 'કોચ' રાખે છે ને ! જેની ભૂલ બતાવનાર કોઈ ન હોય, તેનો વિકાસ ન થઈ શકે. મહાકવિ માઘની ઘટના જાણીતી છે.

- આપણને કોઈ આપણી ભૂલ ક્યારે બતાવે ?
  અથવા આપણે ઈચ્છતા હોઈએ કે – 'આપણી ભૂલ થાય, ત્યારે કોઈ કહે તો સારું.' તો આપણે શું કરવું જોઈએ ?

a. આપણી આસપાસ રહેલ હિતેચ્છુ–જ્ઞાનસંપન્ન મહાત્માઓ (અને શ્રાવકોને પણ) આપણે કહી રાખવું જોઈએ કે – 'મારી ભૂલ થતી જણાય – તો બેધડક કહેજો. અવશ્ય કહેજો. ઉપેક્ષા ન કરશો.'
   વિ.સં. ૨૦૫૮માં નડિયાદમાં પ્રતિષ્ઠા થઈ, ત્યારે સાંજની વાચનામાં એકવાર સ્વ.પૂ.ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.એ. અમને બધાને કહેલું – 'મેં હમણાં પૂ.રાજેન્દ્રસૂરિ મ., પૂ.હેમચંદ્રસૂરિ મ. વગેરે બધાને લખ્યું છે. તમે પણ બધા ગીતાર્થ છો. તો મારી ભૂલ થતી હોય, તો જણાવશો.' !
   વિશેષ લાગણી–આત્મીયતા–હિતેચ્છુપણા વિના કોઈ આપણા જીવનમાં રસ લે નહીં. આપણે કહ્યું હોય, વારંવાર કહેતા હોઈએ, તો રસ લે. આવી વ્યક્તિ ગુરૂ, ગુરૂતુલ્ય વડીલો, રત્નાધિક કે અવમરાત્નિક સહવર્તીઓ પણ હોઈ શકે.
   ગ્રુપમાં જે સૌથી મોટા વડીલ હોય, તેણે પોતાના તેવા પરિણત–જ્ઞાનસંપન્ન નાના ગુરૂભાઈ કે શિષ્યને કહેવું. અન્ય સમાન પર્યાયવાળા મહાત્માઓ, નજીકના શ્રાવકોને કહેવું.

b. કોઈ ભૂલ દેખાડે તો સૌ પહેલો પ્રતિભાવ કૃતજ્ઞતાનો દર્શાવવો. 'આપે મારામાં રસ લઈ, મારી ભૂલ બતાવી; તે ઉપકાર કર્યો. આપનો ઋણી છું. સદાય આવી હિતકાંક્ષા રાખશો, ભૂલ જણાવશો – તો આનંદ જ થશે.' તો ફરીવાર તેમને રસ લેવાનું મન થાય.

c. ગુરૂ કે ગુરૂતુલ્ય વડીલે ભૂલ બતાવી હોય, તો વિના વિકલ્પે સ્વીકારી લેવી.. સુધારવા માટે પુરૂષાર્થ કરવો. ન સુધારી શકાય તો તેની કબૂલાત કરવી, પોતાની નિ:સત્ત્વતા દર્શાવવી.. 'આ નથી સુધારતો, તેથી બીજી ભૂલ ન બતાવો – તેવું ન કરશો.' – તેવી આજીજી કરવી.

d. બીજા નાના કે મોટાએ ભૂલ બતાવી હોય, તો 'ખરેખર પોતાની ભૂલ છે કે નહીં ?' તેનો મધ્યસ્થપણે વિચાર કરવો. પોતાની જાત નિર્દોષ જ લાગે, તો શક્ય હોય તો ત્રીજી વ્યક્તિને પૂછવું.. તેમને પણ આપણી ભૂલ જણાતી હોય, તો આપણી ભૂલ છે જ, તેમ સ્વીકારી લેવું. કદાચ આપણને આપણી ભૂલ ન જ જણાય, તો ભૂલ કાઢનાર સાથે મોકળા મને ચર્ચા કરવી. શક્ય છે કે ચર્ચાથી આપણને આપણી ભૂલ સમજાઈ જાય. તો સ્વીકારી લેવી.. પછી પણ ન સમજાય, તો 'કદાચ તમે સાચા પણ હો, પણ આમાં મને મારી ભૂલ નથી લાગતી.' એમ સૌમ્ય ભાષામાં અસ્વીકાર કરવો.

- જો આવી માનસિકતા કેળવશું – વ્યવહાર કરશું; તો જ કોઈ આપણી ભૂલ બતાવશે. તો જ તે સુધરશે. તો જ વિકાસ થશે.
  નહીં તો, વિકાસના દરવાજા બંધ થશે.
  અને જે દિવસે ચંદ્ર વધતો નથી, તે દિવસે ઘટે છે – એ નિશ્ચિત છે !

સમર્પણ લાવવું શી રીતે ?

ચાર વાત વિચારવાથી ગુરૂદેવ પ્રત્યે સમર્પણ આવે.

1. **ગુરૂદેવ આપણું હિત ઈચ્છે છે.**

   ગુરૂદેવે આપણને દીક્ષા શા માટે આપી ? આપણા આત્માનું હિત કરવા માટે. પોતાની નામના માટે કે સેવા કરાવવા માટે નથી આપી.

   આપણે ગુરૂદેવ પાસે દીક્ષા લેવા આવ્યા, ત્યારે આપી છે. ઘરે આવીને પકડીને લઇ નથી ગયા.. સંપર્કમાં આવ્યા પછી યોગ્યતા દેખાઈ, તો માર્ગ બતાવ્યો; પણ પરાણે નથી આપી.

   આપણે કોઈ આરાધના ન કરીએ, તો ગુરૂદેવને કંઈ ફરક પડતો નથી. બહુ બહુ તો વૈયાવચ્ચ ન કરીએ તો ફરક પડતો હોઈ શકે, બીજા બધામાં તો નહીં જ..

   જે કંઇ આરાધનાની પ્રેરણા કરે છે, તે આપણા હિત માટે..

જે કંઇ નિયંત્રણો મૂકે છે, તે આપણા હિત માટે..

આપણા માટે થઈને ગુરૂદેવ કેટલો પરિશ્રમ ઊઠાવે છે ? કેટલો સમયનો ભોગ આપે છે ? કેટલું 'પોતાનું' ગૌણ કરે છે ? તે બધું આપણા હિત માટે જ છે.

2. **ગુરૂદેવ આપણું હિત જાણે છે.**

શાસ્ત્રનો સાંગોપાંગ અભ્યાસ, ઐદંપર્યનો બોધ, અનુભવજ્ઞાન વગેરેથી પરિપક્વ બુદ્ધિના માલિક હોવાથી ગુરૂદેવ આપણું હિત શેમાં છે ? તે જાણે છે, તેટલું આપણે જાણતા નથી.. આપણી બુદ્ધિ ટૂંકી છે, શાસ્ત્રનો પર્યાપ્ત અભ્યાસ નથી, ચિંતનના બળે આવતું ઐદંપર્યજ્ઞાન નથી, અનુભવજન્ય પરિપક્વતા નથી.

ગુરૂદેવ આપણા જીવનમાં પર્યાપ્ત રસ લે છે. આપણી વૃત્તિ–પ્રવૃત્તિનું નિરીક્ષણ કરીને આપણા માટે હિતકારક શું ? તેનો નિર્ણય કરે છે. આડેધડ નથી કહેતા.

3. **ગુરૂદેવ આપણા હિત માટે કહે છે.**

પ્રશ્ન : હિત ઈચ્છે છે અને જાણે છે – તો હિત માટે જ કહે ને?

ઉત્તર : ક્યારેક એવું બનતું હોય છે કે – ઈચ્છવા અને જાણવા છતાં પણ, બીજાના દબાણ વગેરેને કારણે સાચું કહી નથી શકાતું કે જુદું કહેવું પડતું હોય છે. ગુરૂદેવ તેવું નથી કરતાં. પોતાને સહન કરવું પડે તો કરીને પણ આપણા હિતની રક્ષા કરે છે, જે હિતકારી છે – તે જ કહે છે.

ક્યારેક મૌન રહે છે, તે પણ આપણા હિત માટે જ. (ઉપેક્ષા કરે છે)

કારણકે તેઓ જાણે છે કે હાલ કહેવાનો અવસર નથી. યોગ્ય અવસરે કહેવાશે. (અથવા આપણી સાંભળવાની પાત્રતા નથી)

ક્યારેક આપાતથી અહિતકર હોય તેવી વાત પણ સમુદાયના હિતમાં હોય, અને તેથી પરંપરાએ આપણાં હિતમાં જ હોય – તો કહે છે.

4. **ક્યારેક અનાભોગથી ગુરૂદેવ અહિતકર વાત કહે, તો પણ સંવિગ્ન–ગીતાર્થ ગુરૂદેવની આજ્ઞાના પાલનથી આપણું હિત જ થાય છે.**

ગુર્વાજ્ઞાપાલનથી દૃષ્ટિરાગ તૂટે છે.

સમર્પણ

જે વસ્તુમાં ગુરૂ 'ના' નથી જ પાડવાના, તેની રજા લેવાની કે જણાવવાની શી જરૂર ? (જેમ કે માતરું કરવા જવું...)

1. ગુરૂને પૂછીને ગયા હશું – તો વચ્ચે બીજું કોઇ કામ નહીં કરીએ – કોઈની સાથે વાત કરવા ઊભા નહીં રહી જઇએ – કારણકે વધારે વાર લાગશે તો ગુરૂને ખબર પડી જશે

– એનો ડર રહેશે... (ખૂણે ખાંચરે પડેલું સાહિત્ય વગેરે વાંચતા પણ ડર લાગશે.) એ રીતે ઘણાં અનિષ્ટોથી બચાશે.

2. દરેક કામ ગુરૂને પૂછીને જ કરવું – આવા સમર્પણના સંસ્કાર દૃઢ બનશે...
જો આજે નાની વાત ગુરૂને પૂછ્યા વિના કરી, તો કાલે મોટી પણ પૂછ્યા વિના થશે... પુસ્તકો વાંચવા (પછી ધાર્મિકમાંથી બિનધાર્મિક ઘૂસી જાય, મેગેઝીન પણ આવે, છાપા પણ આવે), ગૃહસ્થો સાથે વાતો કરવી, ઉપકરણો લેવા/વહોરવા (જે જરૂરી ન હોય, સંયમના બાધક હોય...) – બધું થવા માંડશે...
૨૫ વર્ષના સમર્પણના સંસ્કાર તૂટતા પણ વાર નથી લાગતી, કારણકે સ્વચ્છંદતાના સંસ્કાર અનંતકાળના છે.

- સમર્પણ વિનાની બધી સાધના, એકડા વિનાના મીંડા છે.
ઉપદેશ રહસ્ય, પંચાશક વગેરેમાં શાસ્ત્રકારે સ્વચ્છંદીઓને ઝાટકી નાખવામાં કંઇ બાકી નથી રાખ્યું.
- જે નિયત કર્તવ્યો છે – પ્રતિક્રમણ, પડિલેહણ જેવા... તેની રજા નથી લેવાની.
જે પાઠ ચાલુ છે, અથવા થઇ ચૂક્યો છે, અથવા તેના પુનરાવર્તન માટે જરૂરી છે – તેવું વાંચવાની રજા લેવાની નથી.
મકાનની અંદર જે માંડલીના કામ (પાણી ગાળવું વગેરે) સોંપાયેલા છે, તેના માટે રજા નથી લેવાની.
બાકી દરેક કાર્ય માટે પૂછવાનું છે.
- **પ્રશ્ન :** ઉપકરણોની જવાબદારી બીજાને સોંપેલી હોય, તો તેમની પાસેથી લેતાં પહેલાં પૂછવાનું ?
ઉત્તર : હા. આપણે તે ઉપકરણની જરૂર છે કે નહીં ? જૂનું ખરેખર નકામું થઇ ગયું છે કે નહીં ? તેનો નિર્ણય ગુરૂ જ કરે – ગીતાર્થ જ કરે – જાતે ન કરાય... નહીં તો જરૂર નહીં હોય તે પણ (માત્ર ગમી જવાથી) લેતા થશું – જૂનું ચાલે તેવું હોય તો પણ નવું લેશું.
- દીક્ષા વખતે જે માનસિકતા કેળવી છે, કે – 'બધું ગુરૂને પૂછીને જ કરવાનું...' તે જાળવી રાખીએ...

અનુશાસન

- સામૂહિક વાચના કે વ્યક્તિગત ઉપદેશ શેના માટે અપાય ? કાયદો–નિયમ શેના માટે કરાય ?

1. શિષ્યોની પરિણતિ સુધારવા, વૈરાગ્ય–સમર્પણ વગેરે ગુણો વધારવા, દોષો ઘટાડવા, સમભાવમાં રાખવા, દુર્ભાવોથી બચાવવા.
2. શિષ્યોને આચારમાં દૃઢ કરવા, અતિચાર–પ્રમાદથી બચાવવા.
3. શિષ્યોનું આરોગ્ય સાચવવા, રોગ અટકાવવા.

આ બધા લાભો કદાચ આપણને સમજાઈ શકે.

- ક્યારેક વ્યક્તિગત આપણને લાભ ન થતો હોય (ટૂંકા ગાળે નુક્સાન પણ થતું હોય); તો પણ સમુદાયના લાભ માટે, અનુશાસન માટે, વ્યવસ્થા માટે પણ ઉપદેશ અપાય.
- એક વાત યાદ રાખો કે અનુશાસન–વ્યવસ્થા ન હોય – ત્યાં સમાધિ ટકે નહીં. સંક્લેશોના કારખાના જ ઊભા થાય. એટલે અનુશાસન સાચવવું જરૂરી હોય છે. અને અનુશાસન ટકેલું હશે – તો એનાથી આપણને પણ કાળાંતરે–પરંપરાએ લાભ થવાનો જ છે.
- આપણે કદાચ એક વાગ્યા સુધી ભૂખ્યા રહી શકતા હોઈએ, છતાં બધા ન રહી શકે. એટલે સાડા અગિયારે ગોચરી વહોરવા નીકળી જવાનું કહેવાય, ત્યારે આપણે એમ વિચારીએ કે ' મારી તો સમાધિ ટકે છે. કોઈકની ન ટકતી હોય, તેના માટે વહેલા શા માટે જવાનું ? તેમાં ફરવું પડે. ક્યારેક નાનો–મોટો દોષ ઊભો થવાનો સંભવ રહે..' અને આપણે અનુશાસન ન સ્વીકારીએ, મોડા જ જઈએ.

  તો આવતીકાલે વિહારમાં આપણે ૧૨ કિ.મી. જ ચાલી શકતા હશું તો બીજા કહેશે – ' તેના માટે નાના વિહાર કરીને ગોચરીના દોષ શા માટે વહોરવાના ? અમે તો ૧૮–૨૦ કિ.મી. ચાલી શકીએ છીએ.'

  જો અનુશાસન ટકેલું હોય તો તેમને સમજાવી શકાય.

  અનુશાસન ન હોય તો ?

  યાદ રાખો કે આપણે ઘણાં સક્ષમ હોઈએ તો પણ કોઈક બાબતમાં નબળા હોઈશું, બીજાની અપેક્ષા રહેશે. આજે નહીં તો કાલે નબળા પડશું – ત્યારે ઊભી થશે. એટલે બીજાની સમાધિ વગેરે માટે જે અનુશાસન કરાય, તે સ્વીકારવું જ જોઈએ.

ક્ષમાશ્રમણતા

આપણી ક્ષમાશ્રમણતાની પરીક્ષા ક્યારે ?

આપણી ભૂલ હોય, અને ગુરુ કે અધિકારી વડીલ આપણને ખખડાવે ત્યારે આપણે ક્ષમા રાખીએ – તેમાં મોટું પરાક્રમ નથી. તેવું તો સંસારમાં ય બધા કરે છે.

ભૂલ હોય તો – નોકર શેઠનો, દીકરો બાપનો, વિદ્યાર્થી શિક્ષકનો – આક્રોશ સહન કરે જ છે. અલબત્ત, એ વખતે ક્ષમા રાખવી સારી તો છે જ, પણ તે અઘરું નથી.

જ્યારે આપણી ભૂલ ન હોય, અને ગુરૂ કે વડીલ ખખડાવે; અથવા ભૂલ હોય કે ન હોય, પણ અનધિકારી વ્યક્તિ ખખડાવે, ત્યારે આપણે ક્ષમા રાખીએ તો જ સાચી ક્ષમાશ્રમણતા છે.

ત્યારે સામે ગુસ્સો કરીએ – તે અધમતા છે.

ગુસ્સો ન કરીએ – બચાવ કરીએ તે પણ કનિષ્ઠતા છે.

મનમાં પણ અકળાઈએ નહીં – 'તેમનો સ્વભાવ છે... આપણને કર્મનિર્જરાનો અવસર છે...' વગેરે વિચારીને મન સ્વસ્થ રાખીએ તો ઉત્તમતા છે.

કદાચ મન સ્વસ્થ ન રહે, તો પણ સ્વીકારી લઈએ, મૌન રહીએ... તોય કષાયને પ્રગટ ન થવા દેવારૂપ સાધુતા છે.

પ્રશ્ન : એ વખતે એ બધું યાદ નથી રહેતું – અને બોલાઈ જાય... પછી પશ્ચાત્તાપ થાય...

ઉત્તર : બેટ્સમેન આઉટ થયા પછી વિચારે કે 'આમ નહોતું રમવું જોઈતું...' તેનો શો અર્થ ? પેવેલિયનમાં જવું જ પડે.

સ્યાદ્વાદ આપણે પરિણમાવ્યો છે ?

- સ્યાદ્વાદ એ જિનશાસનનો અજોડ સિદ્ધાંત છે.

  દાર્શનિક ગ્રંથોમાં એ વસ્તુની નિત્યાનિત્યરૂપતા, સામાન્ય–વિશેષરૂપતા વગેરે રૂપે બતાવ્યો છે. એ પ્રધાનતયા જ્ઞેય છે.

  ચરણકરણાનુયોગમાં એ ઉત્સર્ગ–અપવાદ રૂપ છે.

  नवि किंचि अणुन्नायं, पडिसिद्धं वा वि जिणवरिंदेहि ।

  બધાની જ અપેક્ષાએ અનુજ્ઞા, બધાનો જ અપેક્ષાએ નિષેધ એ સ્યાદ્વાદ છે.

  લક્ષ્ય બદલાવું ન જોઈએ – રાગ–દ્વેષનો હ્રાસ–નાશ થવો જોઈએ; માર્ગ બદલી શકાય – એ સ્યાદ્વાદ છે.

- આપણે સ્યાદ્વાદ ભણીએ છીએ. પણ સમજીએ છીએ ?

  આત્મસાત્ કરીએ છીએ ?

- આપણી આચરણા, માન્યતા કે શાસ્ત્રના અર્થઘટન કરતાં, બીજા સંવિગ્નોની આચરણા, માન્યતા કે અર્થઘટન ભિન્ન જણાય, ત્યારે 'તેઓ પણ સાચા હોઈ શકે..' આવો અવાજ અંતરથી ઊઠે, 'કઈ અપેક્ષાથી તેઓ સાચા છે ?' તે ખોળવાનો પ્રયત્ન થાય, મળે તો સ્વીકાર થાય – તો સ્યાદ્વાદ પરિણમ્યો કહેવાય.

જો ભિન્ન આચરણા વગેરે જોતાની સાથે – 'તેઓ ખોટા છે, હીન છે' વગેરે રૂપ જ અવાજ અંતરથી ઊઠે – તો સ્યાદ્વાદ ખાલી બુદ્ધિના સ્તરે છે, પરિણમ્યો નથી.
(અસંવિગ્નોના આચરણ, અજ્ઞાનીઓના આચરણ કે સ્પષ્ટ પ્રમાદરૂપ જણાતા આચરણ માટે આ વાત નથી. તે ધ્યાન રાખવું.)

- જેમ કે આપણે પાદોન પ્રહરે પોરિસી ભણાવીએ છીએ. તેના માટે ઓઘનિર્યુક્તિ વગેરેમાં પાઠ પણ છે.

  ઘણાં ખરાં સાધુઓ છ ઘડીએ ભણાવે છે. તેવું જાણીએ ત્યારે – 'તેમને ગુરૂપરંપરાથી તેવો વિધિ મળ્યો છે – તેથી તેમ કરે, તે કંઈ ખોટું નથી.' તેવો ભાવ જાગે, તો સ્યાદ્વાદની પરિણતિ છે. ખંડન કરવાની વૃત્તિ જાગે, તો સ્યાદ્વાદની પરિણતિ નથી. અને છ ઘડીનો તો યતિદિનચર્યામાં પાઠ પણ છે.
- હા, કોઈ આપણી આચરણાનું ખંડન કરે, તો તે ખંડનનું ખંડન થાય – પણ તેની આચરણાનું ખંડન ન થાય.
- **પ્રશ્ન** : કેટલાક કામળીમાં કપડો નથી નાખતા તે અંગે શું માનવું ?

  ઉત્તર : તેમને તેમના ગુરૂ પાસેથી તેવી જ પરંપરા મળી, તેથી તેમ કરે; તેમાં તેમનો શો વાંક ? પ્રાયઃ યોગવિંશિકામાં, વિધિનો અર્થ જ 'ગુરૂપરંપરાથી આવેલ' એમ કર્યો છે, તો તે તેમના માટે વિધિ જ બને ને? અને આ તો આચારની વાત છે.

  કેવલિને યુગપદ્ બે ઉપયોગ હોય કે ક્રમિક? આ તો સૈદ્ધાંતિક પ્રશ્ન છે. તેમાંથી એક જ પક્ષ સાચો હોઈ શકે. એક તો ખોટો છે જ. ઉત્સૂત્ર જ કહેવાય.

  સિદ્ધસેન દિવકારસૂરિ યુગપત્ ના પક્ષમાં છે. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ક્રમિકના પક્ષમાં છે.

  ધર્મપરીક્ષામાં મહો. યશોવિજયજી એ પ્રશ્ન કર્યો છે – 'આ બેમાંથી એક તો ઉત્સૂત્ર જ છે. તો તેને માનનારને મિથ્યાત્વ ન લાગે ?' અને જવાબ આપ્યો છે – 'ગુણવાન્ ગુરૂપરંપરાથી મળેલા અર્થને માનતા હોવાથી ન લાગે.'

  જો ગુરૂપરંપરાથી મળેલ ઉત્સૂત્ર માનવામાં પણ મિથ્યાત્વ નથી, તો સામાન્ય આચાર માટે શું કહેવું ?
- હા, સૌહાર્દભાવે ધ્યાન દોરાય. અને સંવિગ્ન હોય તે સ્વીકારે પણ ખરા કે તેમની પરંપરા અશુદ્ધ છે. શક્ય હોય તો સુધારે પણ ખરા.
- ૨૨ વર્ષના પર્યાયમાં આપણાં સમુદાયમાં પણ કેટલીક માન્યતા–પરંપરા બદલાતી જોઈ છે.

  તો પહેલાં જે કરતાં હતાં – તે અશુદ્ધ હતું – તે સંભવિત છે જ ને ?

- બીજી વાત એ કે, કોઈ ગુણવાનનું આચરણ ઉત્સર્ગથી અન્યથા દેખાય, તો અપવાદની કલ્પના કરવી – સીધો શિથિલાચાર માની ન લેવો. એ સ્યાદ્વાદની પરિણતિ છે.
- જે જે અપવાદોના શિથિલાચાર માનીને વિરોધો થયા, તેનો વિરોધ કરનારાએ પણ પાછળથી સ્વીકાર કરવો પડયો છે – એવી ઘણી ઘટના છે.
- **પ્રશ્ન** : પણ વિરાધના હોય તો ?

  ઉત્તર : જેમાં કંઈક અવિહિત હોય તે જ અપવાદ છે. બાકી તો ઉત્સર્ગ જ હોય. અને અવિહિતમાં પ્રાયઃ વિરાધના હોય જ છે. એટલે વિરાધના હોય તે શિથિલાચાર જ હોય – તેવું માની ન શકાય. નહીં તો અપવાદને સ્થાન જ નહીં મળે..

जहागहियं पुव्वसूरीहिं

સવારના कहं लेशुं ? પ્રશ્નના જવાબમાં વડીલો જવાબ આપે છે – जहागहियं पुव्वसूरीहिं ।
જે રીતે પૂર્વાચાર્યોએ આચર્યું છે, તે રીતે કરવું.
જો કે આ વહોરવા માટે છે, પણ ઉપલક્ષણથી સર્વત્ર લઈ શકાય – લેવું જ જોઈએ.

એટલે, આપણને શાસ્ત્ર કે તર્કથી કોઈ એવી વાત જણાય કે જે વર્તમાનમાં પ્રચલિત નથી, આપણાં વડીલોને આચરતાં આપણે જોઇ નથી કે સાંભળી નથી, તો તેની પ્રરૂપણા–આચરણા કરતા પહેલા, અનુભવી વૃદ્ધો–વડિલોને પૂછવું જોઈએ, તેમની પાસે પ્રમાણિત કરવું જોઈએ.
તેમાં 'પૂર્વાચાર્યો જ્ઞાની હતા, ચારિત્રસંપન્ન હતા, બુદ્ધિમાન્ હતા. તેમને પણ આ વાત નજરમાં/વિચારમાં આવી તો હશે જ. છતાં તેમણે કેમ ન આચરી ? કેમ ન કહી ? શક્ય છે કે તેમને તેમાં લાભ કરતા વધુ નુકસાન દેખાયું હશે – જે મારી બુદ્ધિ નથી વિચારી/સમજી શકતી... અથવા હું જે અર્થઘટન કરું છું, તેના કરતાં તેમનું અર્થઘટન જુદું હશે, જે સાચું હોઈ શકે, મારું અર્થઘટન ખોટું હોઈ શકે. અથવા મારા તર્કોમાં ક્યાંક ભૂલ હોઈ શકે...' વગેરે રૂપ **પૂર્વાચાર્યોનું બહુમાન** છે, પોતાની લઘુતા છે.

જો કે, પૂર્વપુરુષો પણ છદ્મસ્થ હતા. તેમને પણ અનાભોગ વગેરે સંભવે છે. એટલે તેમની ભૂલ ન જ થઈ હોય, તેવો એકાંત નથી. પણ તેમની ભૂલ હતી – તેવો નિર્ણય કરતાં પૂર્વે, વૃદ્ધો–વડીલો–અનુભવીઓને પૂછવું જોઈએ. ભૂલ આપણી હોય – તેવી શક્યતા વધુ છે!

આપણને શાસ્ત્ર–તર્કથી જણાવેલ વાત વર્તમાનમાં અપ્રચલિત હોવા છતાં, વડીલો તેમાંથી જુદું આચરતાં–કહેતા હોવા છતાં, બેધડક જાહેરમાં મૂકી દેવી, કહેવી કે આચરવી

– તે તો 'પૂર્વાચાર્યો અજ્ઞાની હતા, બેદરકાર હતા, પ્રમાદી હતા – હું જ્ઞાની છું, જાગ્રત છું, અપ્રમત્ત છું' તેવી માન્યતાનું દ્યોતક નથી? તેમાં પૂર્વપુરૂષોની આશાતના નથી ?
ધર્મરત્ન પ્રકરણમાં, લાંબા કાળથી લોકોમાં રૂઢ થઈ ગયેલી વાતનું ખંડન ન કરવાનું વિધાન છે.
તે પણ એ જ આશયથી છે કે –' આટલા બધા કાળથી ચાલે છે. પૂર્વે પણ ઘણાં ગીતાર્થો થઈ ગયા. તેમણે કોઈએ તેનું ખંડન નથી કર્યું. તો શક્ય છે કે તે લાભકારી હોય. મને તેનાથી વિરુદ્ધ જણાતું હોય, તો શક્ય છે કે મારી બુદ્ધિ ખોટી હોય...'
આવા આશયથી, કદાચ અસંગત વાતનું સમર્થન થઈ જાય, તો પણ તેમાં એકાંતે આત્મહિત છે, કારણ કે સંવિગ્ન–ગીતાર્થોની પરંપરાનું અનુસરણ છે.

અને બેધડક પૂર્વપુરુષોની માન્યતા/આચરણાથી વિરુદ્ધ પ્રરૂપણા કરાય/આચરણા કરાય, તેમાં

1. પૂર્વપુરૂષોની આશાતના
2. સંઘભેદ/બુદ્ધિભેદ
3. પોતાના 'ક્રાંતિકારી' રૂપના માનકષાયનું પોષણ
4. વાસ્તવમાં અહિતકર એવી વાતનો પ્રચાર
5. દૃષ્ટિરાગનું પોષણ

આવા મહાન્ દોષો આવી પડે છે.

ગુરૂ– પારતંત્ર્ય ની પરીક્ષા

હમણાં એક ઘટના બની....
વડી દીક્ષાના પ્રસંગમાં વિધિ ચાલી રહી હતી.... સ્ટેજ પર અમે કેટલાક સાધુઓ બેઠા હતા. ચાલુ વિધિમાં વડીલ પછી બીજા નંબરે રહેલા આચાર્ય ભગવંતે એક સૂચના કરી કે ' મુહપત્તિ ટચલી આંગળીમાં રાખો.'
હવે, વાસ્તવમાં તે વિધિ તે રીતે કરવાની હોતી નથી.... (વિધિમાં તેવું લખ્યું પણ નથી, તેવી પરંપરા પણ જોઈ નથી.)
આચાર્ય ભગવંતે અનાભોગથી જ તેવી સૂચના કરી હશે.
મારી આજુબાજુ બેઠેલા બે–ત્રણ સાધુ ભગવંતો આ સૂચના પર હસ્યા. (કંઈક અનાદરથી...) અમારા જ શિષ્યો વિધિ કરી રહ્યા હતા... અમારામાંના એકને આ 'અવિધિ' ખટકી... કદાચ તેઓ કહેવા જઈ રહ્યા હતા... કે 'આમ નથી...'
મને ત્યારે કંઈક યાદ આવ્યું,

અને મેં કહ્યું. 'આવા અવસરે જ આપણાં સમર્પણ/ગુરૂ–પારતંત્ર્યની પરીક્ષા છે... આપણને જેની ખબર ન હોય, તે વસ્તુમાં તો વડીલની વાત સ્વીકારી લઈએ – કરી લઈએ. જ્યારે આપણને ખબર હોય તેનાથી વડીલ જુદું કરવાનું કહે ત્યારે જાહેરમાં ખચકાટ વિના તેનો સ્વીકાર કરીએ, કરી લઈએ – તો જ આપણું સમર્પણ કહેવાય...'

કેટલાક શાસ્ત્રવચનો પણ મેં ટાંક્યા....

- आयरिया पच्चुवायं जाणंति –કલ્પસૂત્ર
- ગુરૂ કાગડાને સફેદ કહે તો પણ 'તહત્તિ કરવું' –ઉપદેશ માલા

અને કદાચ બધા સાધુઓને 'પોતાની ભૂલ' સમજાઈ....

મારૂં તો એવું માનવું છે કે તે અવસરે વિધિ કરી રહેલાએ જે કર્યું, તે 'અવિધિ' છે જ નહિં... કારણકે સંવિગ્ન–ગીતાર્થના વચનને તેમણે સ્વીકાર્યું... ઊલ્ટું જાહેરમાં અમે આચાર્ય ભગવંતની વાત ખોટી પાડીને સાચી (!) વિધિ કરાવી હોત, તો અમારા પક્ષે એ અવિધિ હોત ! अमोहं वयणं कुज्जा એ શાસ્ત્રવચનનો અનાદર હોત !

મને એક ઘટના ત્યારે યાદ આવી....

ગૃહસ્થપણામાં વ્યાખ્યાન સાંભળતો હતો... નિશ્રાદાતા વડીલ પછી બીજા નંબરના મહાત્મા વ્યાખ્યાન કરી રહ્યા હતા. રામાયણના ૧ પ્રસંગનું વર્ણન ચાલતું હતું.... કૈકેયીની ઘટનાનું વર્ણન કરી રહ્યા હતા.... તે વખતે વડીલ – નિશ્રાદાતાએ કહ્યું – 'આ ઘટના કૈકેયીની નહીં – કૌશલ્યાની છે.' હવે – ખરેખર એ ઘટના કૈકેયીની જ છે, એ મને ત્યારે ૧૦૦% ખબર હતી. (અને પછી પાકું પણ કરેલું.) છતાં અવમરાત્નિક વ્યાખ્યાનકારે એક પણ દલીલ વિના, સ્હેજ/ક્ષણિક વિચાર કરીને એ વાત સ્વીકારી લીધી. અને કૌશલ્યાના નામે વર્ણન કર્યું. (આ કેટલું અઘરૂં છે ? અને વર્ણન કરતાં અંતર કેવું અસંમત હોય ? તે તો વ્યાખ્યાનકારો જ સમજી શકે.)

આજે પણ એ ઘટના યાદ આવતા જ; એ મહાત્મા પ્રત્યે મસ્તક ઝૂકી જાય છે. અને એ મહાત્મા સામાન્ય પ્રવચનકાર નથી; વિશિષ્ટ પ્રભાવક છે ! ત્યારે પણ હતા જ !

બીજાને ઉપદેશ આપનારા મારા જેવાઓએ આ વાત સમજવા જેવી છે કે, જાહેરમાં વડીલની (ખોટી લાગતી) વાતનો સ્વીકાર એ જ ગુરૂ–પારતંત્ર્યની પરીક્ષામાં સફળતા છે.

આપણે સફળ છીએ ખરા ?

સહવર્તીઓ સાથે સ્નેહ

- સાપેક્ષ યતિજીવન, બીજા સાધુઓની સાથે રહીને જ પાળી શકાય છે.

ત્યારે એ બધા સાથે સ્નેહ હશે, તો જીવનમાં પ્રસન્નતા આવશે. સ્નેહ વિનાનું સહજીવન તો બોજરૂપ બને. અને સ્નેહ ન હોય તો દોષદષ્ટિ, સ્વાર્થીપણું, ઈર્ષ્યા, નિરપેક્ષતા રૂપ નિષ્ઠુરતા વગેરે અનેક દોષો પેદા થાય.

- દરેક ગુણ સાથે આચાર જોડાયેલો હોય છે.
  ગુણ જેનામાં હોય, તેનામાં તે આચાર આવે જ.
  ગુણ જેનામાં ન હોય, તે પણ આચારનું પાલન કરે, તો ગુણ આવે.
- સ્નેહ એ મૈત્રીભાવરૂપ કે લાગણી–આત્મીયતા રૂપ છે.
  મૈત્રીભાવ તો પ્રતિભાવની અપેક્ષાથી રહિત ગુણ છે.
  લાગણી–આત્મીયતા એ ગુણવાન્ પ્રત્યેના પ્રશસ્ત રાગરૂપ છે.
  સ્નેહના આચારો પાળવાથી તે ઊભી થાય છે, વધે છે, સુરક્ષિત રહે છે.
- સ્નેહ ઊભો કરવાનું સશક્ત માધ્યમ ઉપબૃંહણા છે.
  આપણાં દરેક સહવર્તીમાં, કોઈ ને કોઈ ક્ષેત્રમાં આપણાં કરતા ગુણાધિકતા રહેલી જ છે. (સર્વથા અસંવિગ્ન કોઈ હોય – તો વાત જુદી છે. પણ તે તો અપવાદરૂપ કિસ્સામાં બને.)
  જ્યારે જ્યારે તેમને મળવાનું બને – તેઓ વડીલ હોય તો આપણે વંદન કરવા જઈએ ત્યારે, નાના હોય તો તેઓ વંદન કરવા આવે ત્યારે, જો તે ગુણને યાદ કરીને ઉપબૃંહણા કરીએ તો સ્નેહ ઉભો થયા વિના ન રહે...
- આપણાં કદાચ કટ્ટર વિરોધી હોય, તેની પણ જો ખરા હૃદયથી વારંવાર ઉપબૃંહણા થાય, તો તેનો પૂર્વગ્રહ ઓગળી ગયા વિના ના રહે.
- ઉપબૃંહણા સમ્યગ્દર્શનનો આચાર પણ છે. એટલે, તે ન કરાય તો સમ્યગ્દર્શનનો અતિચાર પણ બને.
- ઉપબૃંહણા કરવાથી બીજો પણ લાભ થાય. તેમને થતું વંદન, ભાવક્રિયા બને. જો કોઈ ગુણ યાદ ના આવે, તો માત્ર દ્રવ્યક્રિયા બને. આપણાથી નાના પણ આપણને વંદન કરે, ત્યારે સામે ફિટ્ટાવંદન કરવાનું હોય છે. તે પણ ગુણને યાદ કરાય, તો ભાવવંદન બને.
- ગુણદષ્ટિથી ચિત્ત પ્રસન્ન પણ બને છે, એ અનુભવસિદ્ધ હકીકત છે. દોષદષ્ટિ, ચિત્તને સંકિલષ્ટ કરે છે.
- સ્નેહનો બીજો આચાર સહાયતારૂપ છે.
  સહાયતા બે પ્રકારની છે, બાહ્ય–અનુકૂળતામાં, આંતરિક–આરાધનામાં.
  ગોચરી–પાણી, સંથારો, ઉપધિ, આરોગ્ય વગેરેમાં સહાયતા એ બાહ્ય છે. બાળજીવો, માત્ર બાહ્યદષ્ટિના જીવો – તેનાથી ખુશ થઈ જાય. સ્નેહ ઊભો થઈ જાય.

આંતરિક દૃષ્ટિના જીવો કદાચ તેનાથી બહુ ખુશ ન થાય, તો પણ તેનાથી ચિત્ત પ્રસન્ન તો બને જ. એટલે સ્નેહવૃદ્ધિ તો થાય જ.

તેમને આરાધનામાં સહાયતા – જ્ઞાનદાન, માર્ગદર્શન વગેરે દ્વારા કરાય, તો વિશેષ સ્નેહવૃદ્ધિ થાય...

- આ બધા સ્નેહના આચારો પાળવા એ જ સહવર્તી સાધુઓની આરાધના છે.

  'હું મારું કરું; મારે બીજાની ચિંતા શું કરવી ?' આવી નિરપેક્ષતા, એ નિષ્ઠુરતારૂપ છે. જેમ કોઈ ભૂખે મરતું હોય ત્યારે ઉપેક્ષા કરે, તે ગૃહસ્થ માટે નિષ્ઠુરતા ગણાય છે. સ્વાધ્યાયદિમાં મગ્ન બની જઈએ, ત્યારે સ્થળ–કાળ ભૂલી જવાય, તે જુદી વાત છે. પણ 'મારે બીજાની ચિંતા કરવી નથી...' એવા ઉપેક્ષા ભાવથી એકાંત પકડી લેવું, તે સાપેક્ષ યતિજીવનમાં માર્ગ નથી.

- સ્નેહના આચારોનું પાલન એ રીતે ન થવું જોઈએ કે સ્નેહ વધવાના બદલે ઘટે.

  કોઈને ન ગમતું હોય તો તેની ભૂલ ન કઢાય, સારણા–વારણા ન કરાય.

  કોઈની ઈચ્છા ન હોય, તો પડિલેહણ ન કરાય. તેના એંઠાં પાતરામાં ન નખાય. તેવું કરવાથી સંકલેશ પણ થઈ શકે, ક્યારેક સંઘર્ષ પણ થઈ શકે.

સાધુએ ભણવા માટે એકાંતમાં બેસાય ?

ક્યારેક કોઈ મહાત્મા, સ્વાધ્યાય (કે સર્જન) માટે ઉપાશ્રયમાં એકાંતમાં કોઈ રૂમ/ગેલેરી/ઉપરના માળે જ આસન રાખીને સતત સ્વાધ્યાય કરતા હોય, તેવું દેખાય છે.

વસ્તુતઃ આવું આચરણ માર્ગસ્થ/ઉપાદેય છે ખરું ? કેટલાક મહત્ત્વના વિચારણીય મુદ્દા .....

1. સૌ પ્રથમ તો એકાંતમાં બેસનાર સાધુ, ગુરૂભક્તિનો લાભ ગુમાવે છે...

   કદાચ સમય પર જઈને પડિલેહણ કરી આવે; પણ આખો દિવસ, ગુરૂ ભગવંતને જુદા જુદા પ્રકારનાં કાર્યો આવતા હોય છે. તેની ખબર સામે/ નજીકમાં રહેલા સાધુને જ પડે; અને તે જ લાભ લઈ શકે... ખબર ન પડે, તો પણ ગુરૂ ભગવંત સામે રહેલાને જ બોલાવે, કામ ભળાવે, એટલે તેને જ લાભ મળે.... એકાંતમાં બેસનારા, આ મહત્ત્વનો લાભ ગુમાવે છે.

   દીક્ષા આપણે સ્વાધ્યાય કરવા નથી લીધી; દોષનાશ–કર્મનિર્જરા માટે લીધી છે.... દોષનાશનું ખૂબ મહત્વનું કારણ ગુરૂકૃપા– ગુરૂભક્તિ છે... તે કરવાથી સ્વાધ્યાય ૧૦–૨૦% ઓછો થાય, તો પણ સરવાળે લાભ અનેકગણો થઈ શકે છે...

સ્વાધ્યાયથી પ્રધાનપણે જ્ઞાનાવરણ કર્મનો નાશ થાય, ગુરૂભક્તિથી મોહનીય કર્મનો નાશ થાય – જે સર્વ કર્મોના નાશનું કારણ છે.

ગુરૂભક્તિ કરે તેને ઓછી મહેનતે વધુ યાદ રહી જાય, શાસ્ત્રોના રહસ્યોની સ્વયં સ્ફૂરણા થાય; એટલે સ્વાધ્યાય ઓછો થવાથી નુકસાન ન થાય...

ગુરૂભક્તિ કરનાર ગુરૂને પ્રિય બને... ગુરૂના અંતરના આશીર્વાદ મળે, જે સંયમને નિર્મળ રાખે...

સ્વાધ્યાય માટે આ બધું ગુમાવવું, તે સો માટે લાખ ગુમાવવા જેવું છે... !

2. ગુરૂભક્તિ જેટલું જ મહત્વનું કાર્ય, સહવર્તી સાધુઓને સહાયતાનું છે.

એકાંતમાં બેસનારો શી રીતે સહાયક બનવાનો ? તેને, કોને સહાયની આવશ્યકતા છે ? – તે ખબર જ નહીં પડે....

કોઈ કાપ કાઢે છે – કપડા સૂકવવાનાં હોય...

કોઈનો સંઘટ્ટો ગયો – તરત લેવાનો હોય...

કોઈને વાગ્યું – કોઈ પડ્યું – કોઈને અચાનક ઊલટી થઈ....

આવી તો કંઈક ઘટનાઓ ગચ્છમાં બને...

એટલું જ નહીં; સાપેક્ષ યતિજીવનમાં, બીજાના દોષોની પણ ઉપેક્ષા નથી કરવાની.... બધાની વચ્ચે બેસનાર જ્ઞાની અને પુણ્યશાળી હોય તો બીજાની ભૂલ થતાં જોઈને સારણા– વારણા કરી શકે.... બીજાને સંયમમાં સ્થિર કરવા/રાખવાનો લાભ મેળવી શકે... એકાંતમાં બેસનાર, આવો અમૂલ્ય લાભ પણ ગુમાવે... યાદ રાખવું કે યોગ્ય સાધુના દોષોની – 'પારકી પંચાત' માનીને ઉપેક્ષા કરવી, તે શાસ્ત્રકારોને માન્ય નથી... એ નિષ્ઠુરતા છે. (અયોગ્યની અથવા અનધિકારી વ્યક્તિ ઉપેક્ષા કરે તે જુદી વાત છે.)

વાસ્તવમાં, એકાંતમાં બેસવું, તે સાપેક્ષ યતિજીવનના મૂળમાં જ ઘા છે....

3. વ્યક્તિ ગમે તેટલી પરિણત હોય, નિમિત્તને આધીન છે. એકાંતમાં બેસનારા, શું કરે છે ? તેની બીજાને ખબર પડતી નથી... એટલે સ્વાધ્યાયમાંથી અસદ્ વાંચન પેસી જાય, તો ગુરૂ કે બીજા કોઈ ટોકનાર / રોકનાર નહીં મળે... પછી પતનને વાર શી ?... ભલભલાનું પતન થયું છે – તે શાસ્ત્રોમાં દેખાય છે. પછી, 'મારું તો આવું નહીં જ થાય' – એવું માનવું તે મિથ્યાભિમાન છે. અને કદાચ, પોતે તેવા પરિણત હોવાથી પતન ન થાય, તો પણ તેમના આલંબને બીજા પણ એકાંતમાં બેસતા થાય, અને તેઓ તેવા પરિણત ન હોવાથી તેમનું પતન થાય; તો તેમાં અનવસ્થા ઊભી કરવાનો દોષ પહેલા સાધુને આવી જ પડે છે... (એકાંત પકડેલ એક સાધુની ઉપબૃંહણા/પ્રસિદ્ધિ; બીજાને તેવું કરવા પ્રેરે એ સહજ છે.)

4. યોગ્ય શ્રાવકોની પણ ઉપેક્ષા કરવી, તે માર્ગ નથી... ઉપદેશના અધિકારીએ યોગ્યને ઉપદેશ પણ આપવો જ પડે. તેવો અધિકાર ન હોય, તો પણ ધર્મલાભ– પચ્ચક્ખાણ આપવા રૂપ સહાયક બનવું આવશ્યક છે... એટલે શ્રાવકોથી બચવા માટે એકાંત પકડવું તે પણ વિચારણીય બને. તો, સાધુઓથી બચવા એકાંત શી રીતે પકડાય ? વર્તમાનમાં એકાંત પકડનારા, સાધુઓથી બચવા એકાંત પકડે છે, તેવું દેખાય છે.... શું તે સાધુઓની અવગણના– આશાતના નથી ?
5. બધું શાસ્ત્રોમાંથી શીખવા નથી મળતું.... ઘણું ગુરૂ પાસેથી, વડીલો પાસેથી, અનુભવી શ્રાવકો પાસેથી જોઈ/સાંભળીને શીખવા મળે છે. એ અનુભવજ્ઞાનની કિંમત ઘણીવાર શાસ્ત્રજ્ઞાન કરતાં વધી જાય છે... એકાંત પકડીને ભણનારા શાસ્ત્રના વિદ્વાન્ થતાં હશે, પણ વ્યવહારમાં અકુશળ રહી શકે. અને સંઘનું નેતૃત્વ તેઓ ન કરી શકે... મૂંઝવણમાં માર્ગદર્શન ન આપી શકે... આપત્તિમાંથી પાર ન ઉતારી શકે.... તેવું બની શકે.
6. સમૂહ–જીવન હોય ત્યારે 'હું જે કરીશ, તે બધા કરશે; તો શું થશે ?' એ વિચાર આવશ્યક હોય છે. તે જ ઔચિત્ય છે... ગુરૂના બધા શિષ્યો ભણવા માટે એકાંત પકડે તો શું થાય ? એ કલ્પના કરી લેવી.... અને તેથી અનવસ્થાના નિવારણ માટે પણ, તેવી પ્રવૃત્તિ અનુપાદેય બને..
7. એકાંતમાં જ સ્વાધ્યાય થાય, તે મોટો ભ્રમ છે. હું પ્રાયઃ ક્યારેય એકાંતમાં બેઠો નથી. બધાની વચ્ચે, ગુરૂદેવની ખૂબ નજીકમાં બેસીને ભણ્યો છું, ભણાવ્યા છે... ૬–૬ કલાક પાઠ આપ્યા છે... સળંગ ૫–૫ કલાક સંશોધન કર્યું છે, લેખન પણ કર્યું છે... જો બધા લાભ અખંડ રાખીને જાહેરમાં પણ ભણી શકાતું હોય, તો શા માટે એકાંતમાં બેસીને નુકસાન વહોરવું ?
8. એકાંતમાં બેઠેલા સાધુને, બહારથી પધારેલ મહાત્માની ખબર પણ પડતી નથી... તેમને વંદન, તેમની ભક્તિ (કપડા સૂકવવા – પાણી આપવું વગેરે), તેમની પાસેથી હિતશિક્ષા – અનુભવજ્ઞાન... બધાથી વંચિત રહે. એકાંતમાં બેસનાર, વ્યાખ્યાન આપીને શ્રમિત થઈને આવેલા ગુરૂના કપડા સૂકવવા વિ.થી પણ સદા વંચિત રહેતા હોય તેવું જોયું છે...

હજી કદાચ બે – ચાર મુદ્દા નીકળશે... પણ આટલું પર્યાપ્ત છે....

પૂ. ગચ્છાધિપતિના કેટલાક હિતશિક્ષા વચનો ટાંકું છું.

1. પોથી પંડિત ન થવું. ગુરૂની પાસે જે શીખવા મળશે, તે બીજે નહીં મળે.
2. ગુરૂના વર્તન – વાતચીત પરથી શીખવું.
3. શ્રાવક – વંદન કરે ત્યારે ધર્મલાભ ન આપે, તે સમ્યકત્વની ખામી છે.

4. આખો દિવસ સહાયતા કરનારને ભણવાની જરૂર નહીં પડે... સીધું કેવળજ્ઞાન થશે.
5. **અંતર્મુખતા સાથે બાહ્ય ઔચિત્ય–ક્રિયા–ભક્તિ, ગુણાનુરાગિતા સહવર્તીઓ પ્રત્યે પ્રેમ–આદર–સહાયકતા વિ. બહારનું કાર્ય જો ન હોય, ઉપેક્ષા–અરૂચિ હોય તો એવી અંતર્મુખતા તારક ન બને. એ શોક–ઉદ્વેગની સૂચક છે. શુષ્ક અંતર્મુખતા તો સ્વાર્થ–પરાયણતા છે.**

BALANCE

આવશ્યક નિર્યુક્તિ લખે છે–

न हु एगचक्केण रहो वहाइ ।

એક પૈડાથી રથ ન ચાલે. બે જોઈએ, બંને સરખા જોઈએ.

જો કે ત્યાં આ વાત જ્ઞાન–ક્રિયાના સંદર્ભમાં છે. પણ, આ વાત દરેક જગ્યાએ લાગુ પડે છે.

- સ્વાધ્યાય–વૈયાવચ્ચનું બેલેન્સ જોઈએ.
  સ્વાધ્યાયના અતિરેકમાં વૈયાવચ્ચની ઉપેક્ષા ન ચાલે. અનુબંધ શુભ ન થાય.
  સ્વાધ્યાય ન કરવા માટે જ વૈયાવચ્ચ કર્યા કરે; તે પણ જોખમી છે. કારણકે તેમાં અંતર્મુખતા જાળવવી, પરિણતિ નિર્મળ કરવી/રાખવી મુશ્કેલ બને.
  યોગ્ય કારણે વૈયાવચ્ચ કરતો હોય, તેને સ્વાધ્યાયની રૂચિ હોવાથી અંતર્મુખતા જળવાય.
- ગોચરી વહેંચનારે, ભક્તિ કરવા સાથે, ત્યાગ/વ્યવસ્થા/અનુશાસનનું બેલેન્સ પણ જાળવવાનું છે.
  ભક્તિભાવ રાખવાનો, પણ એનો અર્થ એ નથી કે જેને જે જોઈએ તે આપવાનું/મંગાવી દેવાનું. ઓછાથી ચલાવતા શીખવાડવું પડે; વડીલ જે આપે તે લેવાના સંસ્કાર પાડવા પડે, નિર્દોષતા જળવાય/શ્રાવકોના ભાવ જળવાય – તે રીતે મંગાવવાના સંસ્કાર પાડવા પડે.
- ગોચરી લાવનારે પણ ભક્તિભાવ/નિર્દોષતા વચ્ચે બેલેન્સ જાળવવાનું છે.
  નિર્દોષતાનો આગ્રહ એવો હોય કે બધે શંકા પડ્યા કરે, અને વડીલ/ગ્લાન/વૃદ્ધ/તપસ્વી/સ્વાધ્યાયીને અનુકૂળ દ્રવ્યો પણ છોડી દે.. તે ય ન ચાલે.
  ભક્તિના અતિરેકમાં દોષિત/નિર્દોષનો વિવેક જ ન કરે, જે મળે તે લઈ લે, તે પણ ન ચાલે.
  પ્રમાણ કરતા વધુ લેવામાં દોષિત થાય/શ્રાવકના ભાવ તૂટે – તે ય ન ચાલે.
  એટલું ઓછું–ઓછું લે કે કલાક–દોઢ કલાક થાય, એકાસણાવાળાને દુર્ધ્યાન થાય; સ્વાધ્યાયની હાનિ થાય – તે પણ ન ચાલે.

બહુ વહેલા વહોરવા જાય કે જેથી ફરવું પડે, દોષિત થવા સંભવ રહે; તે ય ન ચાલે.
વહેલું મળતું હોવા છતાં કારણ વિના મોડું કરે; તે ય ન ચાલે.
રોજ નજીકથી જ ગોચરી લાવે, તે ય સારું નથી.
એટલો દૂર જાય કે ખૂબ મોડું થાય; એક ઝોળી અને બીજી ઝોળી વચ્ચે અડધો કલાકનો ફરક પડે–તે પણ સારું નથી.
ભક્તિના અતિરેકમાં વિશિષ્ટ દ્રવ્યો પ્રમાણથી વધુ વહોરે તો ય ન ચાલે–શ્રાવકોના ભાવ તૂટે.
શ્રાવકોના ભાવ સાચવવા માટે ગ્લાનાદિની ઉપેક્ષા કરે તે ય ન ચાલે. ત્યારે શ્રાવકોને પરિણત બનાવવા પડે.

- આ બધા બેલેન્સ જાળવવાનો વિવેક, મોહનીય–જ્ઞાનાવરણના ક્ષયોપશમથી પેદા થાય છે.
  સંયમની પરિણતિ હોય તો તે સાચવવાના રસ્તા સૂઝે.
  ભક્તિના ભાવ હોય તો તેના રસ્તા મળી રહે.
  ઉભયનો ઉલ્લાસ હોય તો 'બેલેન્સ' જાળવતા આવડે.
- જ્યાં સુધી સ્વયં આ વિવેક ન આવે, ત્યાં સુધી જ્ઞાનીની નિશ્રામાં રહેવાનું છે.
  પણ વિવેક શીખવાનો પણ છે જ. કારણકે શેઠની શિખામણ ઝાંપા સુધી હોય.

બંધન કે સુરક્ષા ?

હમણાં તપોવનમાં રહેવાનું થયું.
તપોવનમાં બાળકો પર નિયંત્રણ હોય છે – તપોવનના પરિસરની બહાર જવા ન દે.. બહારનું ખાવા ન દે... મોબાઈલ વગેરે વાપરવા ન દે..
બાળકોને કદાચ આ બધા નિયંત્રણ ન પણ ગમે. પણ સમજુ લોકો સમજે છે કે એ જરૂરી છે, એ બધા તેમની બાહ્ય–આભ્યંતર સુરક્ષા માટે છે..
તપોવનનું પરિસર એ જાણે કે મેઘકુમારના જીવે હાથીના ભવમાં બનાવેલું માંડલુ છે. માંડલામાં આવી ગયેલા સહુ સુરક્ષાનો લાભ મેળવે છે, પણ માંડલુ બનાવનારે તેના માટે કેટલી મહેનત કરી છે ? – તેનો અંદાજ તેમને નથી હોતો.
તપોવનના બાળકોને બાહ્ય વાતાવરણથી મુક્ત રાખવા તેને બનાવનારા અને સંભાળનારા કેટલી મહેનત કરે છે ? તેનો અંદાજ તેમને નથી આવતો.
ગુરૂ પણ શિષ્યો પર બંધનો–નિયંત્રણો મૂકે છે.
પૂછ્યા વગર કશું વાંચવાનું નહીં, બહાર નહીં જવાનું, કશું મંગાવવાનું નહીં, રાખવાનું નહીં. વાપરવા ઉપર પણ નિયંત્રણો હોય, શ્રાવકો સાથેની વાતચીત ઉપર પણ નિયંત્રણો

હોય. એ બધા શિષ્યોની સુરક્ષા માટે જ છે. તેમના સંયમની, આરોગ્યની, પરિણતિની, શ્રદ્ધાની સુરક્ષા એનાથી જ શક્ય છે.
બાકી, નિયંત્રણોથી ગુરૂને શું લાભ ? 'સ્વતંત્રતા આપીશ – તો મને છોડીને ચાલ્યા જશે. પછી મારી સેવા કોણ કરશે ?' – આવો ડર કદાચ એ ગુરૂને હોઈ શકે કે જેને એકાદ–બે શિષ્ય જ હોય. જેને ૧૦–૧૫ શિષ્યો હોય તેવા ગુરૂને તો તેવો ડર સંભવિત નથી.

આવા નિયંત્રણો મૂકીને એક માંડલુ બનાવવા પાછળ ગુરૂને કેટલો પુરુષાર્થ કરવો પડે છે ? તેનો શિષ્યોને અંદાજ નથી હોતો. શિષ્યોના મનને તો કેળવવા પડે જ, પણ બહારના બધા કામ જાતે કરવા પડે. દવા પણ તેમણે મંગાવવી પડે, ડોક્ટર પણ તેમણે બોલાવવા પડે, ઉપધિ તેમણે જ મંગાવવી–વહોરવી–સાચવવી પડે, વિહાર તેમણે ગોઠવવા પડે, ઉપાશ્રયમાં ફેરફાર તેમણે કરાવવા પડે.
એના કારણે શિષ્યોને કેટલી નિશ્ચિંતતા હોય ?
બિમાર પડે તો ગુરૂને કહેવાનું. કંઈ જોઈએ તો ગુરૂને કહેવાનું. કોની પાસે મંગાવવું ? કેવી રીતે મંગાવવું ? વગેરે ચિંતા તેમને હોતી નથી. બધી ચિંતા ગુરૂને ભળી.
હું ગુરૂદેવની નિશ્રામાં રહ્યો. ત્યારે આવી નિશ્ચિંતતા હતી. રાતના ઊંઘ ઊડે તો બીજી ક્ષણે સ્વાધ્યાય શરૂ થઈ જતો.
આજે સેંકડો વિચારો ઘેરી વળે છે – 'આની દવા મંગાવવાની છે, આનો પાઠ ગોઠવવાનો છે. આ વિહારની વ્યવસ્થા કરવાની છે... વગેરે...' – તેમાં સ્વાધ્યાય ખોવાઈ જાય છે.

શિષ્યો – નિયંત્રણને બંધન પણ માની શકે, અને – 'ગુરૂદેવે બધી ચિંતા પોતાના માથે રાખી છે, અમારે નિશ્ચિંત મને ભણવાનું – સંયમ પાળવાનું – તેની અનુકૂળતા કરી આપી છે' – તેવો ઉપકાર પણ માની શકે.
શું કરવું ? તે આપણા હાથમાં છે.

દોષ કોને ? ગુરૂ કે શિષ્યને ?

'વસતિ પરિકર્મ' નો દોષ આચાર્યને લાગે. – યતિજિતકલ્પ
આ પંક્તિમાં બે વિચારણા કરવાની છે.

1. જે પણ નિર્ણયના કારણે જે પણ વિરાધનાદિ થાય, તેનો દોષ, તે નિર્ણય કરનારને (અને તેમને નિર્ણય કરવાની સત્તા સોંપનાર વડીલને) લાગે છે. તે નિર્ણયને અનુશાસનથી અનુસરનાર અન્યોને નહીં....
   તર્કથી પણ આ વાત સુસંગત છે. કર્મબંધનો આધાર પરિણામ છે, બાહ્ય પ્રવૃત્તિ નહીં – એ તો સુપ્રસિદ્ધ પદાર્થ છે...

જે શિષ્યો, ગુર્વાજ્ઞાને અનુસરે છે, તેમનો પરિણામ તો નિશ્ચિતપણે શુભ છે, ગુર્વાજ્ઞાપાલનનો છે.

તેમાં થતી વિરાધના એ બાહ્ય પ્રવૃત્તિથી જન્ય છે. તેમાં તેમને અશુભ કર્મબંધ માની શકાય નહીં...

જો આવું ન માનીએ, તો પછી અગીતાર્થ શિષ્યો કદી અપવાદના પાલન માટે તૈયાર જ નહીં થાય, અને કોઈ અનુશાસન જ નહીં રહે...

ગુરૂએ ગુરૂ- લાઘવની વિચારણા કરીને બહુલાભ અને અલ્પવ્યયવાળો માર્ગ નિર્ણીત કર્યો હોય, તો તો અલ્પવ્યયવાળો માર્ગ પણ કર્મબંધનું કારણ નથી, નિર્જરાનું જ કારણ છે.

जा जयमाणस्स भवे विराहणा सुत्तविहीसमगस्स
सा होइ निज्जरफला, अज्झत्थविसोहीजुत्तस्स – પુષ્પમાળા

વસતિ પરિકર્મનો દોષ આચાર્યને બતાવ્યો, તે પણ આચાર્યએ પ્રમાદાદિથી તેવો નિર્ણય કર્યો હોય તો જ સમજવાનો છે. બાકી ગીતાર્થતાથી તે નિર્ણય કર્યો હોય તો નહીં... તેવું તાત્પર્ય સમજવાનું છે...

આ ન્યાય – માત્ર વસતિ નહીં, વિહાર ગોચરી આદિ સર્વ નિર્ણયોમાં સમજી લેવાનો છે. એટલે અંધારામાં વિહાર કે પડિલેહણ, મિશ્ર વગેરે દોષવાળી ગોચરી, સાંજના મોડું પ્રતિક્રમણ... વગેરેમાં જે કંઈ અવિધિ થાય, તેનો દોષ, આચાર્ય(અથવા નિર્ણાયક વડીલ) ને જ લાગે {જો પ્રમાદ પ્રયુક્ત હોય તો જ, ગીતાર્થતા પ્રયુક્ત હોય તો નહીં.}

2. બહુ મહત્વની વિચારણા બીજી છે...

- શિષ્યએ ગુરૂની પરીક્ષા કર્યા વિના જ – અગીતાર્થ કે અસંવિગ્ન ગુરૂનું શરણું સ્વીકાર્યું હોય, તો તે ગુરૂની પસંદગી જ દોષરૂપ હોવાથી, ગુરૂના નિર્ણયોને અનુસરવું પણ દોષરૂપ બને છે.
- ગુરૂ જે વિરાધનાદિજનક નિર્ણયો કરે, તેમાં સુખશીલતા વગેરે કારણે શિષ્યોની તેવી અપેક્ષા હોય કે 'ગુરૂ આવો નિર્ણય કરે તો સારું' (દા.ત. વહેલો વિહાર હોય તો સારૂં) તો તે અપેક્ષા દોષરૂપ હોવાથી (અને ગુરૂ પણ શિષ્યોની તેવી અપેક્ષાઓના કારણે તેવો નિર્ણય કરવા પ્રેરાતા હોવાથી) શિષ્યોને પણ દોષ લાગે જ છે.
- કદાચ શિષ્યોની તેવી અપેક્ષા ન હોય, છતાં ગુરૂના તેવા નિર્ણયથી જે સુખશીલતાદિ પોષાય, તેના કારણે 'સારૂં થયું; આવો નિર્ણય થયો.' તેવો પરિણામ પેદા થાય; તો તે પણ રાગરૂપ – પ્રમાદરૂપ હોવાથી કર્મબંધ થાય.

શંકા: ગુરૂના નિર્ણયની અનુમોદના પ્રમાદરૂપ શી રીતે ગણાય?

સમાધાન: અહીં અનુમોદના ગુરૂના નિર્ણયની છે, પણ તેનું કારણ સુખશીલતા છે. ગુરૂનો નિર્ણય નહીં. (જો ગુરૂએ વિપરીત નિર્ણય કર્યો હોત. તો અનુમોદના ન હોત...) તેથી તે પ્રમાદરૂપ છે.

પ્રશ્ન : શિષ્યોની જો તેવી આશંસા કે અનુમતિ નથી, તો તેમને દોષ ન લાગે. તો પછી તેનું પ્રાયશ્ચિત્ત લેવાની જરૂર નહીં ને ?

ઉત્તર : નિશ્ચયનયથી વાત સાચી છે. છતાં વ્યવહારથી અમુક બાબતોનું પ્રાયશ્ચિત્ત લેવું જરૂરી છે. કારણકે

- છદ્મસ્થતાના કારણે, સૂક્ષ્મ પણ આશંસા/અનુમતિ થયા હોય તેવી સંભાવના છે.
- વિરાધનાદિ પ્રત્યે નિષ્ઠુરતા ઊભી ન થાય, તે માટે પ્રાયશ્ચિત્ત લેવું જરૂરી છે.

શંકા : એકબાજુ ગુર્વાજ્ઞાપાલનમાં મહાન્ લાભો બતાવવા, તે ફરજીયાત બતાવવું, તેના ભંગમાં મહા–નુકસાનો બતાવવા; અને બીજી બાજુ તેનું પાલન કરીએ તો પણ પ્રાયશ્ચિત્ત બતાવવું; તે ક્યાંનો ન્યાય ?

સમાધાન : એવો ભાવ ન ઉત્પન્ન થાય તે માટે જ શાસ્ત્રકારે કહ્યું કે 'વસતિ પરિકર્મનો દોષ આચાર્યને લાગે.' તેનું પ્રાયશ્ચિત્ત શિષ્યોએ લેવાનું નથી. છતાં અંધારામાં વિહાર વગેરે બાબતોમાં ગુરૂના તાદૃશ નિર્ણયથી થતી અનિવાર્ય વિરાધના ઉપરાંત, પોતાના પ્રમાદ વગેરેથી જન્ય વધારાની વિરાધના સંભવિત છે. તેનું જ પ્રાયશ્ચિત્ત લેવાનું છે. પ્રાયશ્ચિત્તદાતા પણ તે મુજબ જ પ્રાયશ્ચિત્ત આપે છે.

એટલે, સંવિગ્ન- ગીતાર્થ ગુરૂનું શરણું સ્વીકાર્યા પછી, તેમની જે પણ આજ્ઞા / નિર્ણય હોય તેને વિના વિકલ્પે અનુસરવો, તે શુભ પરિણામ છે; શિષ્યના માટે એકાંત નિર્જરા/પુણ્યબંધનું જ કારણ છે, તેમાં બાહ્ય વિરાધનાદિ અકિંચિત્કર છે. હા, શિષ્યની રાગ–દ્વેષાદિથી જન્ય આશંસા કે અનુમતિ ન હોવી જોઈએ...
તાદૃશ કાંઈપણ નિર્ણયને અનુસરવામાં પોતાના અનાભોગ- પ્રમાદાદિથી જે વિરાધનાદિ થાય, તેનું જ પ્રાયશ્ચિત્ત શિષ્યોને આપવામાં આવે છે; ગુર્વાજ્ઞાપાલનનું નહીં... શિષ્યોએ પણ તાદૃશ રીતે જ આલોચના કરવાની છે... ગુર્વાજ્ઞાપાલનની નહીં...

વિરતિ પરિણામ

- શાસ્ત્રમાં સંયમના ૭–૮ ભવ બતાવ્યા છે, તે ભાવ–સાધુતાના(છઠ્ઠા/સાતમા ગુણસ્થાનકના) છે. માત્ર વેશ–આચાર રૂપ દ્રવ્ય–સંયમના તો અનંતા ભવ થાય છે – થયા છે.

- ભાવ–સાધુતા શી રીતે આવે ?
  તેના માટે બે વસ્તુ જોઈએ.
  1. સમ્યગ્દર્શન
  2. વિરતિ–પરિણામ.
- સમ્યગ્દર્શન વિનાનો વિરતિ–પરિણામ તો અભવ્યને પણ હોય છે, તેના વિના નવમું ગ્રૈવેયક ન મળે..
  એટલે સમ્યગદર્શન અતિ–મહત્ત્વનું છે.
  પણ આજે વાત વિરતિ–પરિણામની કરવી છે.
- વિરતિ–પરિણામ એટલે શું ?
  પાંચ મહાવ્રતરૂપ મૂળ ગુણોનો પરિણામ – તે વિરતિ–પરિણામ કહેવાય છે..
  1. કોઈ જીવની – મારા પ્રમાદાદિથી – હિંસા ન થવી જોઈએ.
  2. મારા સ્વાર્થ–અનુપયોગાદિથી – સાવદ્ય–અહિતકર–અપ્રિય કે અસત્ય ન બોલાઈ જવું જોઈએ.
  ઇત્યાદિ રૂપ પાંચે વ્રતના પરિણામ હોવા જોઈએ.
- હવે, આપણી જાતનો વિચાર કરીએ ➔
  આપણને આવો પરિણામ છે ?
  બારી ખોલતી વખતે – હવા આવશે તો શરીરને અડવાથી વાયુકાયના જીવો મરવાના છે, એવું યાદ આવે ?
  યાદ આવવા છતાં સહનશકિત ન હોવાથી બારી ખોલવી પડે તો – અપવાદ છે.
  સહનશક્તિ હોવા છતાં સુખશીલતાથી ખોલે, તો કદાચ અતિચાર લાગે.
  પણ તેવું કદી યાદ જ ન આવતું હોય – તો તો નિરપેક્ષતા જ છે ને ? તે નિષ્ઠુરતા જ ગણાય ને ? તેમાં અહિંસાનો પરિણામ ક્યાં રહ્યો ?
- કંઈ પણ બોલતા પૂર્વે – 'સાવદ્ય નથી ને ? અહિતકર નથી ને ?' ઇત્યાદિ ચકાસવાનો વિચાર આવતો હોય, તો સત્યવ્રતનો પરિણામ કહેવાય. તેવું યાદ જ ના આવે, તો વ્રતપરિણામ શી રીતે કહેવાય ?
  કદાચ વ્યક્ત રૂપે આવો પરિણામ ન હોય, તો પણ અવ્યક્ત રૂપે તો હોવો જ જોઈએ.
  એટલે જ્યાં સાવદ્ય/અહિતકરની સંભાવના હોય, ત્યાં તે વ્યક્તરૂપે આવી જ જાય.
- તે રીતે, કોઈ પણ વસ્તુ લેતા પૂર્વે ' મારે માંગ્યા વિના કશું નથી જ લેવાનું'. તે યાદ આવે, તો વ્રતપરિણામ કહેવાય.
  પ્રશ્ન : સાધુ ભગવંતે કહી રાખ્યું હોય – ' તમારે જ્યારે જોઇએ, ત્યારે લઈ લેજો.' તો?

ઉત્તર : તે વખતે પણ યાદ તો આવવું જ જોઈએ કે ' મારે માંગ્યા વિના નથી લેવાનું. અત્યારે તેઓ હાજર નથી, અને તેમણે પૂર્વે રજા આપેલી છે – તે રજા સમજીને લઉં છું.' તો વ્રતનો પરિણામ કહેવાય. નહીં તો શી રીતે કહેવાય ?

- આત્મ–નિરીક્ષણ કરતાં લાગે છે કે ➔
  દોષિત ન વાપરવાનો, પડિલેહણ કરવાનો... આવા બધા ઉત્તરગુણના પરિણામ કદાચ આપણામાં છે. પણ મૂળગુણનો પરિણામ છે કે નહીં ? તે પ્રશ્ન છે. કેટલાક જીવો પ્રત્યે અહિંસાનો પરિણામ હોય, કેટલાક જીવો પ્રત્યે સર્વથા ન હોય – તો વ્રતપરિણામ શી રીતે કહેવાય ? પાણી–વનસ્પતિ વગેરે માટે અહિંસા–પરિણામ કદાચ છે; વાયુ–સંમૂર્ચ્છિમ મનુષ્ય વગેરે માટે કેટલો ? તે પ્રશ્ન છે.
- જો આ ભવના ચારિત્રને સંસાર ઘટાડનારું બનાવવું હશે, તો વિરતિ–પરિણામ જાગ્રત કરવો જ પડશે. તેના માટે, પાંચ મહાવ્રતની પચીસ ભાવનાઓ છે.

હિતકર બોલવું

- બીજા મહાવ્રતમાં આપણને શાસ્ત્રકારોએ કહ્યું છે – હિતકર બોલવું.
  હકીકતમાં તો સત્યની વ્યાખ્યા જ છે – सद्भ्यो हितं ।
- આ એક શબ્દમાં કેટલો ગંભીર અર્થ સમાયેલો છે ?

1. હિતકર બોલવા માટે સૌ પ્રથમ તો, સામેનાનું હિત કરવાની ભાવના જોઈએ. જે તેવી મૈત્રી/કરૂણા ભાવના ધરાવતો નથી, તે જે કંઈ બોલે, તે અસત્ય જ છે, કારણકે તેને હિત કરવાની ઈચ્છા નથી..
2. શાસ્ત્રોના ઐદંપર્ય અને સામેની વ્યક્તિની ભૂમિકા, દ્રવ્ય–ક્ષેત્ર વગેરેના આધારે સામેની વ્યક્તિનું હિત શેનાથી થશે ? શેનાથી અહિત થવાની સંભાવના છે ? તેનું જ્ઞાન – ગીતાર્થતા જોઈએ. જેની પાસે તેવું જ્ઞાન જ નથી, તેને બોલવાનો અધિકાર જ નથી.
3. જ્યારે બોલે છે, ત્યારે પણ ' હિત(અનુગ્રહ) બુદ્ધિથી જ બોલવાનું છે', તેવો ઉપયોગ જોઈએ. એટલે સ્વાર્થથી બોલાય, તો અસત્ય બની જાય.
4. બોલતી વખતે હિતાહિતના જ્ઞાનનો ઉપયોગ કરીને, અહિતને ટાળવાનો પુરૂષાર્થ હોવો જોઈએ. સામાન્યથી ગીતાર્થ હોવા છતાં બોલતી વખતે તેનો ઉપયોગ ન કરે, તો અસત્ય બની જાય.
5. સામેની વ્યક્તિને તે ' હિતકર' લાગવું જોઈએ.

a. જો શ્રોતાને નિર્વિકલ્પ શ્રદ્ધા હોય કે – ' કહેનાર જે કહે છે, તે મારા હિતમાં જ છે.' તો તેને હિતકર લાગે જ. પણ તેવું ન હોય, તો
b. તેને પોતાને હિત કરવાની ઈચ્છા હોવી જોઈએ.
   જે પોતાના હિતને સમજતો જ નથી કે ઈચ્છતો જ નથી તે તો ઉપદેશને અયોગ્ય જ બને.
c. આપણે જેમાં તેનું હિત માનીએ છીએ, તેમાં જ તેને પોતાનું હિત દેખાવું જોઈએ. આપણે ગુણવિકાસમાં હિત માનતા હોઈએ, તેને શક્તિ–વિકાસમાં હિત દેખાતું હોય તો પણ આપણી વાત તેને રૂચે નહીં.
d. પ્રસ્તુત વાત કહેવા પાછળ – આપણો કોઈ સ્વાર્થ નથી, અનુગ્રહબુદ્ધિ છે; તેવું તેને પ્રતીત થવું જોઈએ.
e. શા માટે તેનું હિત થવાનું છે ? તે અંગે આપણો જે દૃષ્ટિકોણ હોય, તે તેને સમજાવવો જોઈએ. તો જ તેને હિતકર લાગે. પ્રિય બને.

પ્રશ્ન : આના કરતાં તો મૌન રહેવું સારું.

ઉત્તર : ઉત્સર્ગ તો વચનગુપ્તિ જ છે – મૌન રહેવું જ સારું છે. પ્રયોજન હોય તો જ સાધુએ બોલવાનું છે.

પ્રશ્ન : વ્યાખ્યાનમાં બધાનું હિત–અહિત શી રીતે સમજાય ?

ઉત્તર : વ્યાખ્યાનમાં બધાનું હિત–અહિત ન વિચારી શકાય, કારણકે બધાની કક્ષા સરખી ન હોય.પણ બહુલતા જોવી જોઈએ. ૮૦% શ્રોતાઓ જૈનેતર હોય તો વિષય બદલવો પડે. બાળકો હોય તો પણ બદલવો પડે.

- મહત્ત્વની વાત એ છે કે – ' સાચું હોય તે કહી દેવાનું; સામેનાને કડવું લાગે તે નહીં વિચારવાનું.' આવી વાત જિનશાસનને સ્વીકાર્ય નથી.. સામેનાની ખુશામત નથી કરવાની, પણ તેનું હિત શી રીતે થશે? તે વિચારીને, તેને પ્રિય બને – તે રીતે જ કહેવાનું છે. सत्यमपि अप्रियं न ब्रूयात।

ઋજુતા

- सोही उज्जुयभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ।

  ધર્મ શુદ્ધ જીવમાં જ રહે છે... અને શુદ્ધિ – સરળ જીવની જ થાય છે... સરળતા વિના શુદ્ધિ નથી, શુદ્ધિ વિના ધર્મ નથી...
- કલ્પસૂત્રના પ્રવચનોમાં સાંભળ્યું છે –

  બાવીસ તીર્થંકરના શાસનના સાધુઓ ઋજુ– પ્રાજ્ઞ હોય છે.

પહેલા તીર્થંકરના શાસનના સાધુઓ ઋજુ- જડ હોય છે.
છેલ્લા તીર્થંકરના શાસનના સાધુઓ વક્ર- જડ હોય છે.
આપણને વક્ર–જડ કહ્યા છે.

- આમાં પ્રાજ્ઞતા કરતાં ઋજુતાની કિંમત ઘણી વધારે છે.
  જડ(બુદ્ધિહીન) હોવા છતાં ઋજુ હોય - તે તરી શકે છે - માસતુસ વગેરે ઘણાં દૃષ્ટાંતો છે.
  પણ વક્ર એવો પ્રાજ્ઞ તરતો નથી...લક્ષ્મણા સાધ્વી કે રુક્મિ - તેના દૃષ્ટાંતો છે.
- પ્રાજ્ઞતા, શાસનને ઉપયોગી છે. શિષ્યોનું યોગક્ષેમ પ્રાજ્ઞ જ કરી શકે. ગચ્છના સારણા–વારણા પ્રાજ્ઞ જ કરી શકે, શાસનની રક્ષા - પ્રભાવના પ્રાજ્ઞ જ કરી શકે... પણ પોતાને તરવા માટે પ્રાજ્ઞતા જરૂરી નથી, ઋજુતા અનિવાર્ય છે.
  જે ઋજુ જીવ, પ્રાજ્ઞ ગુરૂને પરતંત્ર રહે, તે સંસાર તરી જાય છે.
- દીક્ષા લીધા પછી જે કંઇ સાધના કરીએ છીએ - અભ્યાસ કરીએ છીએ; તે ઋજુ બનવા માટે કે પ્રાજ્ઞ બનવા માટે ?
- ઋજુ બન્યા પછી (પાત્રતા હોય તો) પ્રાજ્ઞ બનવાની ના નથી... પણ ઋજુતા વિનાની પ્રાજ્ઞતા તો; (બીજાને માટે તારક બને કે નહીં) પોતાને માટે મારક બની શકે છે - કુતર્ક શીખવાડીને, સમર્પણમાં ખામી ઊભી કરીને...
- જે ગાથાઓ ગોખી છે, તેમાં સરળતાના લાભો બતાવતી, વક્રતા (માયા/કપટ)ના નુકસાન બતાવતી ગાથાઓનો અર્થ સાથે સ્વાધ્યાય કરીએ, ચિંતન કરીએ, મનને તેનાથી ભાવિત કરીએ, તો ઋજુતા આવે. જે પદાર્થો ભણીએ છીએ, તેમાં પણ આવા પદાર્થોનું વારંવાર ભાવન કરીએ, તો ઋજુતા આવે...
- એક વાત યાદ રાખો - કોઇ ગુણ સ્વયં ક્યારેય આવી જતો નથી. તેને લાવવા માટે પુરૂષાર્થ કરવો જ પડે છે.
  આપણે ઋજુતા લાવવા પુરૂષાર્થ ક્યારે/કેટલો/કેવો કર્યો ?
- અલબત્ત, બધું બધાને કહી દેવાની જરૂર નથી. બધાની–બધું પચાવવાની પાત્રતા નથી હોતી. પણ સંવિગ્ન–ગીતાર્થ ગુરૂ કે ગુરૂતુલ્ય વડીલ પાસે તો જે જેવું હોય તેવું કહી દેવું જોઇએ... વાતને બદલીને કહેવી, બચાવ કરવો - તે વક્રતા છે. સ્વીકાર કરવો તે સરળતા છે. હવા માટે બારી આગળ બેસવું હોય અને પ્રકાશનું બહાનું ધરવું - તે વક્રતા છે.
- ઋજુ માણસ કદાચ જડ હોય, બીજા અવગુણ ધરાવતો હોય, તો પણ સહુને પ્રિય–સ્વીકાર્ય બને છે.
  વક્ર/માયાવી/કપટી... બીજા હજાર ગુણ ધરાવતો હોય તો પણ અપ્રિય બને છે...

- અને જો આપણે વક્ર હોઈશું, તો આપણાં આશ્રિતો પણ તેનું આલંબન લઈને વક્ર જ બનતાં શીખશે.
  આપણે સરળ બનશું, તો આશ્રિતો પણ સરળતાનું આલંબન લેશે.

ઈર્યાસમિતિ

નાનો લાગતો ઈર્યાસમિતિનો આચાર, કેટલો મહત્વનો છે?
તે ન પાળીએ તો –

- પાણી, વનસ્પતિ, નિગોદ, વિકલેન્દ્રિય (કીડી વગેરે) યાવત્ પંચેન્દ્રિય (દેડકા વગેરે)ની વિરાધના થઇ શકે.
- કાંટો લાગવો, ઠેસ લાગવી, લપસી જવું, પડી જવું વગેરે આત્મ–વિરાધના થઈ શકે. (ઘણાંને ફ્રેક્ચર થયા છે.) પગ ખરડાઈ શકે...
- 'જોયા જૈન સાધુ ! જોયા વગર ચાલે...' તેવી શાસન–હીલના પણ થાય.
  (અને ઈર્યાસમિતિ પાળનાર સાધુ – પોતાના મસ્તીથી ધીમા પગલે ચાલવાના આચારથી – શાસનની પ્રભાવના પણ કરે.)

વીસ અસમાધિ–સ્થાનમાં ઝડપથી ચાલવું એ સૌ પ્રથમ અસમાધિ–સ્થાન છે. ચાલવાની ઝડપ – મનની આકુળતાની દ્યોતક છે. સ્વસ્થ અને ઠંડકવાળી ચાલ એ મનની સ્વસ્થતાની દ્યોતક છે.

ધબધબ કરતા ચાલવું, પગથિયાં ઝડપથી ઉતરવા, પગ ઘસડીને ચાલવું, સામે જોઈને ચાલવું, અંધારામાં દંડાસણ હવામાં ફેરવતા ચાલવું... આ બધું સાધુને શોભે ? અષ્ટપ્રવચનમાતામાં પહેલી માતાની સર્વથા ઉપેક્ષા કેમ ચાલે?

પડિલેહણ

- પડિલેહણ શા માટે કરવાનું છે ?
  જીવોની રક્ષા માટે... જીવોને જોવાના, દેખાય તો કોમળતાથી જયણાપૂર્વક રક્ષા કરવાની...
- આપણે જે રીતે પડિલેહણ કરીએ છીએ, તેમાં જીવોની રક્ષા થાય છે ? જોવામાં ઉપયોગ જ ન હોય, ત્રણ ભાગ કરીને કપડાં જોવાતાં જ ન હોય, પાત્રામાં જોયા વગર જ ચરવળી ફેરવાઈ જતી હોય, તો જીવરક્ષા ક્યાંથી થાય ?
- ક્યારેક તો એવું પડિલેહણ જોવા મળે કે જીવો હોય તો તેને કિલામણા થાય – કે મરી પણ જાય ! એવા પડિલેહણ કરતાં તો – ન કરવું સારું – તેવું લાગે. એવા

પડિલેહણથી લાભ શો ? નથી પુણ્ય બંધાતું, નથી શુભ અનુબંધ પડતા, નથી શુભ સંસ્કાર પડતા...

- ગુરુદેવ કહેતા હતા.. ભુવનભાનુસૂરિ મ.સા. પાસે એક દીકરી આવેલી. જાતિસ્મરણજ્ઞાન થયેલું. પૂર્વભવમાં સાધ્વી હતી. આખું પક્ખીસૂત્ર મોઢે હતું – પણ પડિલેહણ આવડતું નહોતું – તેના સંસ્કાર નહોતા !
- સાધુજીવનની કોઈ ક્રિયા 'પતાવવા' માટે નથી હોતી. 'ગોચરી' પતાવવા માટે વાપરો, તો વાંધો નથી. પડિલેહણ–પ્રતિક્રમણ પતાવવા માટે નથી કરવાના.
- પડિલેહણ વગેરે ઉતાવળે કરીને જીવનમાં બીજી સિદ્ધિઓ મળે, તેની કિંમત કેટલી ? સમાધિમરણ અને ભવાંતરમાં સંસ્કાર મળે; તે જ સૌથી મોટી સિદ્ધિ છે.

  એટલે પડિલેહણ શાંતિથી, ઉપયોગપૂર્વક કરીએ. કોમળ બનીએ.
- જેમ સ્વાધ્યાય કર્યા પછી આનંદ હોય છે, તેમ પડિલેહણ કર્યા પછી પણ આનંદ થાય કે 'પડિલેહણ સરસ થયુ. મજા આવી.' તેવું પડિલેહણ થવું જોઈએ.

પડિલેહણ

- બે ટાઈમ વિધિનું પડિલેહણ તો આપણે કરીએ જ છીએ. પણ શાસ્ત્રકારો કહે છે – કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરવા–લેવાની થાય ત્યારે પડિલેહણ કરવાનું છે.

  पुव्विं चक्खुपरिक्खिय पमज्जिउं जो ठवेइ गिण्हइ वा,

  सो आयाणभंडमत्तनिक्खेवणाइ-समिओ होइ – ઉપદેશમાળા
- પાણી વાપરીને ટોકસો લૂછતાં પહેલાં, લૂણાને બે બાજુથી જોઈ લેવાનો ઉપયોગ રાખીએ છીએ ? લૂણામાં કીડી આવતી હોવાનો અનુભવ તો આપણો જ છે. જોયા વગર લૂછીએ અને કીડી હોય તો શું થાય ? અને કદાચ કીડી વર્ષમાં ૨–૪ વાર આવશે; પણ સંભાવના તો રોજની છે. એટલે જેટલીવાર જોયા વગર લૂણાથી લૂછ્યું, તેટલી વાર પ્રમાદના કારણે હિંસાનો દોષ તો લાગશે જ. આખા દિવસમાં ૫–૭ વાર પાણી વાપરવાનું થતું હોય છે. ત્યારે આટલી જાગૃતિ કેળવવી અત્યંત જરૂરી–અનિવાર્ય છે. તેમાં કદાચ દિવસની પાંચ મિનિટ વધુ જાય – સ્વાધ્યાય ઓછો થાય – તો પણ તે સાર્થક છે.
- તમે વિચારો : એક સાધુ ધડાધડ પ્રતિક્રમણ–પડિલેહણ કરીને ભણવા બેસી જતો હોય, ખૂબ ભણે, વિદ્વાન્ બને, સર્જક બને, ૧૦૦–૨૦૦ પુસ્તકો લખે, પ્રભાવક બને. અને બીજો સાધુ બધું શાંતિથી, ઉપયોગપૂર્વક કરે. કદાચ ઓછું ભણી શકે, તેવો વિદ્વાન્, પ્રભાવક, સર્જક ન બને.

  તમને બેમાંથી કોને જોઈને અંતરમાં આનંદ થશે ?

વિદ્વાન્ સાધુની પ્રસિદ્ધિ થશે, ગામમાં વખાણ થશે, કદાચ ૫–૧૫ શિષ્યો પણ નામનાના કારણે થઈ જશે. પણ તમારું દિલ તો બીજાને જોઈને જ ઠરશે !

હમણાં સિદ્ધિતપના પારણા નિમિત્તે ગયા હતા. તેમના ઘરે તેમણે શેના વખાણ કર્યા–તે ખબર છે ? બે વાત કરી.

1. સવારે ઉપાશ્રયે વંદન કરવા જઈએ, તો બધા જ મહાત્માઓ દીવાલ તરફ મોઢું રાખીને ગોખતાં હોય. સ્વાધ્યાયનો ઘોષ ચાલુ હોય. મોટા મહારાજ સાહેબ પણ સ્વાધ્યાય કરતા હોય.
2. સામૈયામાં ચાલતી વખતે સાહેબની નજર નીચે જ હતી. ૪–૫ વાર મંકોડાની જયણા કરવાની સૂચના કરી.

- શાસન પ્રભાવના શેનાથી થાય છે ? તે સમજાઈ ગયું હશે.

તામલી તાપસને ઈર્યાસમિતિના દર્શનથી જ સમ્યક્ત્વ થયું હતું ને ? આપણી ઉપયોગપૂર્વકની ક્રિયાઓ કંઈક જીવોને સમ્યગ્દર્શન પમાડી શકે. કંઈક સાધુઓને માર્ગભ્રષ્ટ બનતા અટકાવી શકે – તેવી શક્યતા છે. તેવી ક્રિયા કરવાનો આનંદ પણ અનેરો હોય છે. પ્રસિદ્ધિ–યશથી મળતા આનંદ કરતાં જુદો જ હોય છે. જીવનભર યાદ રહે – મરણ વખતે સંતોષ આપે–સમાધિ આપે તેવો હોય છે.

- એટલે આટલું નક્કી કરો.

1. ગોચરી જનારે જતાં પહેલાં પાતરા–તરપણી વગેરે જોવા.
2. ગોચરી વાપરતાં પૂર્વે પાતરા જોવા.
3. પાણી વાપરતાં પૂર્વે ટોકસો જોવો.
4. ટોકસો લૂછતાં પૂર્વે લૂણું જોવું.
5. પસીનો લૂછતાં પહેલા પરસેવાનો ટુકડો બરાબર જોવો.
6. કપડો–પાંગરણી પહેરતાં પૂર્વે જોઈ લેવા.

ત્યાગ અને વૈરાગ્ય

ત્યાગ બે પ્રકારનો બતાવેલ છે.

1. હિંસાથી બચવા માટે – જેમ કે આધાકર્મીનો.
2. રાગથી બચવા માટે – જેમ કે સંયોજનાનો.

હિંસાથી બચવા માટેના ત્યાગમાં અપવાદ હોય છે. રાગ–દ્વેષ ન હોય તો હિંસા માત્ર સ્વરૂપહિંસા રહે છે.

રાગથી બચવા માટેના ત્યાગમાં સામાન્યથી અપવાદ હોતો નથી. (એટલે જ બ્રહ્મચર્ય નિરપવાદ છે.)

ક્યારેક આગાઢ કારણે તેમાં અપવાદ આચરવો પડે, તો જયણા એવી કરવાની હોય છે કે રાગ ન જ થાય અથવા અલ્પતમ થાય.

આપણે હિંસાથી બચવા માટેના ત્યાગમાં દૃઢ બન્યા – આધાકર્મી તો ન જ વપરાય. વાપરે તો શિથિલ સંયમી કહેવાય.
રાગથી બચવા માટેના ત્યાગમાં આપણે સાવ ઉપેક્ષા સેવીએ છીએ. સંયોજના છોડીએ છીએ ? લોભપિંડ તો જાણે દોષરૂપ લાગતો જ નથી.
સંયોજના કે લોભપિંડનું પ્રાયશ્ચિત, આધાકર્મી કરતા એક જ સ્ટેપ ઓછું છે.

જે ત્યાગ પાછળ રાગથી બચવાનું લક્ષ્ય હોય, તે જ્ઞાનપૂર્વકની ક્રિયા છે.
જે ત્યાગમાં રાગથી બચવાનું લક્ષ્ય જ નથી, તે માત્ર ક્રિયા છે. તેની તાકાત બહુ અલ્પ છે.
'આવતી કાલથી ત્યાગ કરવાનો છે, એટલે આજે ભોગવી લઉં.' આવી ઈચ્છા જાગે તો તેમાં વૈરાગ્ય ક્યાં ? વૈરાગ્ય હોય, રાગથી બચવા માંગતો હોય – તેને આવી ઈચ્છા થાય ખરી ?
કેરીનો ત્યાગ હોય, તેને ગુરૂ આજ્ઞા કરી વપરાવે ત્યારે આનંદ થાય – તો વૈરાગ્ય ક્યાં ? ખરેખર તો વાપરવું પડે તો આંખમાં આંસુ આવે !

જો રાગથી બચવાની પરિણતિ ન હોય, તો આપણો ત્યાગ
1. કાયદા–નિયંત્રણ–આજ્ઞાના કારણે છે.
2. ગતાનુગતિકતા– દેખાદેખી છે.
3. લોકોને આકર્ષવા–માનકષાય પોષવા માટે છે.

તેનું ફળ કેટલું ?

પ્રશ્ન : રાગથી બચવા વિશિષ્ટ દ્રવ્ય ત્યાગીએ તો સામાન્ય દ્રવ્ય પર રાગ થાય છે. બચાતું તો નથી જ.
ઉત્તર : વીતરાગ થશું ત્યાં સુધી રાગ થશે તો ખરા જ. પણ તેની માત્રા ઘટે, રાગ થયાની ખબર પડે, ખટકો ઊભો થાય, અપેક્ષા ઘટે, ન મળે તો સંકલેશ ન થાય/ઓછો થાય... આ બધા વૈરાગ્યપૂર્વકના ત્યાગના ફળ છે.

ઇન્દ્રિય નિગ્રહ

- સત્તર પ્રકારના સંયમમાં, પાંચ આશ્રવના ત્યાગ સાથે પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ પણ બતાવ્યો છે.
  આપણને પાંચ આશ્રવમાં અસંયમ, તેના ત્યાગમાં – મહાવ્રતમાં સંયમ સમજાયું છે. ચોથા–પાંચમા–પહેલા વ્રતમાં ખામી હોય તો આપણને 'સંયમી' ન લાગે.

ઈન્દ્રિયની આસક્તિમાં અસયંમ, નિગ્રહમાં સંયમ – સમજાયું છે ખરું ?

- પંખો વાપરનાર – અસંયમી લાગે.
  પણ હવા આવે તે માટે બારી ખોલવામાં આપણને અસંયમ દેખાતું જ નથી! તેમાં પણ સ્પર્શનેન્દ્રિયનો અનિગ્રહ જ છે ને ?
- ફ્રુટ સુધારાવીને વાપરનાર અસંયમી લાગે.
  પણ સ્વાદ પોષવા માટે શાક વાપરવામાં આપણને અસંયમ લાગતું જ નથી !
- ટી.વી. જોનાર અસંયમી લાગે.
  પણ વિહારમાં ચારે બાજુ હરિયાળી હોય, તે જોવામાં આનંદ આવે – ત્યાં અસંયમ જણાય જ નહીં !
- કદાચ ઈન્દ્રિય–નિગ્રહને ઉત્તરગુણ ગણીએ, તો ય શાસ્ત્રકાર કહે છે – જો નાવમાં ઘણાં નાનાં કાણાં પડે તો પણ નાવ ડૂબી જાય; તેમ ઉત્તરગુણના ઘણાં – વારંવાર લાગતા અતિચારો પણ સંયમથી ભ્રષ્ટ કરી શકે છે
- મહાવ્રતોથી જે ભ્રષ્ટ થયા છે, તેનું કારણ જોઈશું તો – મોટે ભાગે ઈન્દ્રિયનો અનિગ્રહ જ જોવા મળશે.
  મરીચિનું પતન ઈન્દ્રિય–અનિગ્રહ કારણે જ થયું ને ?
  તેમનો સંસાર વધ્યો ઉત્સૂત્ર વચનથી. ઉત્સૂત્ર વચન બોલ્યા શિષ્યના મોહમાં. પણ શિષ્યનો મોહ પેદા થયો – સેવાની લાલસાથી – સુખશીલતાથી જ !
- પતનની શરૂઆત તો ઈન્દ્રિયને મળેલી નિર્દોષ (પાંચ આશ્રવ વિનાની) અનુકૂળતાથી જ થતી હોય છે.
  1. જરા પણ અપેક્ષા ન હોય, જરા પણ દોષ વિનાનો કેરીનો રસ મળે, વાપરે. તેમાં રાગ થાય..
  2. આવું ૭–૮ વાર બને. પછી ' નિર્દોષ રસ મળે તો સારું' એવો ભાવ ઊભો થાય. ન મળે તો સમાધાન કરી લે.
  3. આગળ વધતાં – ન મળે તો અકળામણ થાય. અને ' ક્યાં મળશે ? ' તેના વિચારો કરે. મળે, તે માટે વિશેષ પ્રયત્ન કરે – મળતો હોય તેવા ઘરોમાં જાય. પણ નિર્દોષનો આગ્રહ ઊભો રહે.
  4. ધીરે ધીરે સ્વાદ એવો વળગે કે નિર્દોષનો આગ્રહ નબળો પડે. નાના દોષો તરફ આંખમીંચામણા કરીને વહોરે.
  5. પછી મોટો દોષ હોય તો પણ વહોરી લે. છોડે નહીં.
  6. દોષ–નિર્દોષની વિચારણા જ ન રહે. મળે એટલે લઈ લે.
  7. ન મળે તો કરાવીને પણ લે.

આ પતનના ક્રમશઃ તબક્કાઓ છે.

- આમ ઈન્દ્રિય–અનિગ્રહ, છેવટે મહાવ્રત–ભંગમાં પણ પરિણમી શકે છે. એટલે તેની ઉપેક્ષા ન કરીએ, તેના નિગ્રહ માટે પ્રયત્નશીલ બનીએ..

સંયમ – હિંસાત્યાગ કે રાગત્યાગ...?

વર્તમાનમાં સંયમજીવનના બધા આચારો હિંસાત્યાગને કેન્દ્રમાં રાખીને ગોઠવાયેલા જોવા મળે છે...

જેટલી શુદ્ધ – સૂક્ષ્મ અહિંસા પાળે, તેટલું સંયમ શુદ્ધ ગણાય છે.

વધુમાં વધુ નિર્દોષ ગોચરીનો આગ્રહ...

નિર્દોષ પાણી માટે પર્યટન...

મહિનાઓ સુધી કાપ ન કાઢવો....

અજવાળામાં જ વિહાર....

વીજળી વાપરતા સાધનોનો ત્યાગ.... વગેરે...

આ બધી શુદ્ધ સંયમની વ્યાખ્યાઓ ગણાય છે...

આ બધું કરનારા શુદ્ધ સંયમી ગણાય છે...

આ બધામાં ઢીલાશ રાખનારા... નબળા સંયમી – શિથિલ ગણાય છે...

અલબત્ત, અહિંસા એ પ્રથમ મહાવ્રત છે... એટલું જ નહીં, બાકીના મહાવ્રતો પણ પ્રથમ મહાવ્રતની વાડ છે – રક્ષા માટે છે. એવું શાસ્ત્રકારોએ અનેકત્ર કહ્યું છે જ....

પણ, મારે એ યાદ કરાવવું છે કે,

- સંયમનું લક્ષ્ય – વીતરાગ બનવાનું છે... એટલે કે સંયમ રાગના હ્રાસ/નાશ માટે છે...
- રાગનો સર્વથા નાશ થયા પછી જ હિંસાથી સર્વથા મુક્ત થઈ શકાય છે...
  વીતરાગતા ૧૩મા ગુણસ્થાનકે આવે છે...
  જ્યારે સર્વથા હિંસાત્યાગ તો મોક્ષમાં ગયા પછી જ સંભવ છે. જે બે વચ્ચે પૂર્વ ક્રોડ વર્ષનું અંતર પણ પડી શકે છે.
- હિંસા પણ રાગજન્ય હોય તો જ પાપસ્થાન બને છે.. કેવલિને પણ હિંસા અનિવાર્ય છે, પણ તે પાપસ્થાન નથી, કર્મબંધ થતો નથી... સંવિગ્ન ગીતાર્થ (કે તેમની આજ્ઞાથી અન્ય સાધુ) પુષ્ટાલંબને અપવાદનું સેવન કરે ત્યારે હિંસા થાય છે, પણ (અપ્રશસ્ત) રાગ ન હોવાથી કર્મબંધ થતો નથી.
- ઊલ્ટું – હિંસા ન થાય, તો પણ – રાગ હોય તો પાપસ્થાન બને છે. નિર્દોષ ગોચરીમાં વિશિષ્ટ દ્રવ્યની અપેક્ષાથી ફરવું તે લોભપિંડ, સંયોજના, અંગાર દોષ – બધા રાગને

કારણે છે... અનુપયોગથી ચાલનારને હિંસા ન થવા છતાં (શરીરની સુખશીલતા રૂપ કામરાગ કે જિનાજ્ઞાની ઉપેક્ષારૂપ દૃષ્ટિરાગ) પ્રમાદને કારણે હિંસાનું પાપસ્થાન બતાવ્યું છે.

- હિંસા એ પ્રવૃત્તિનું પાપ છે. તે સમયે પરિણતિ શુદ્ધ હોવી સંભવ છે.. એટલે જ, ગજસુકુમાળ કે અર્ણિકાપુત્ર વગેરે ચાલુ હિંસામાં વીતરાગ બની શક્યા છે. જયણાપૂર્વકની પ્રવૃત્તિમાં હિંસા હોય તો પણ અધ્યાત્મની વિશુદ્ધિના ધારકને નિર્જરા કહી છે.

  રાગ તો પરિણતિનું પાપ છે... એટલે જ હિંસામાં અપવાદ છે; રાગમાં અપવાદ નથી... ચતુર્થ વ્રત નિરપવાદ કહ્યું તેનું કારણ એ જ છે કે રાગ વિના તેનો ભંગ થતો નથી...

આમ, અહિંસા એ રાગથી મુક્ત થવા માટેના માર્ગરૂપ છે. સાધન છે... સાધ્ય નથી.... કદાચ આપણી ભૂલ એ થઈ છે કે અહિંસાને જ સાધ્ય માની બેઠા છીએ... રાગનાશ રૂપ સાધ્ય તો ભૂલાઈ જ ગયું છે....

પરિણામ એ આવ્યું છે કે,

નિર્દોષ ગોચરી માટે ભગીરથ પુરૂષાર્થ હોય છે. ૨-૨ કિ.મી. દૂર જવું, અલ્પ દ્રવ્યોથી ચલાવવું, દીર્ઘકાળ પર્યટન કરવું... તાપ- કાંકરા સહન કરવા વગેરે....

પણ રાગથી બચવાનો પુરુષાર્થ ?

- તદ્દન નિર્દોષ એવા મીઠાઈ, ફરસાણ, ફ્રુટ – રાગથી બચવા માટે છોડીએ છીએ ?
- દોષિત ગરમ દૂધ છોડીએ, પણ નિર્દોષ દૂધમાં સાકર ?
- દોષિત ઈડલી છૂટે, પણ નિર્દોષ ઈડલી સાથે ચટણી ?
- વિરાધનાથી બચવા દૂર જવા તૈયાર, નજીકમાં નિર્દોષ મળતું હોય તો પણ – શરીરની સુખશીલતા તોડવા કે વ્યવસ્થાપક વડીલની આજ્ઞાથી (દૃષ્ટિરાગ તોડવા) દૂર જવા તૈયાર ખરા ?
- પંખા/A.C. નો સ્વપ્નમાં વિચાર ન હોય... પણ ગરમીમાં હવાવાળું મકાન / સ્થાન – (ગેલેરી- અગાસી- બારી) છૂટે ?
- ગાડીમાં બેસવાની કલ્પના પણ ન થાય... પણ વિહાર પ્રાય: ઓછામાં ઓછા કષ્ટ પડે, તેવો જ ગોઠવાય !
- પાણી નિર્દોષ લાવવા ઘેર- ઘેર ફરીએ... પણ ઘડાનું ઠંડું પાણી ન છૂટે.....

જાણે એવું લાગે કે હિંસા- ત્યાગ ને સંયમ માન્યું છે; ઈન્દ્રિય- સંયમ તો સંયમ લાગતું જ નથી !

સ્હેજ પણ વિરાધના થઈ જાય, તો પશ્ચાત્તાપ થાય; પ્રાયશ્ચિત્ત લઈએ....

રાગ તો સામે ચડીને કરીએ... તેમાં ' ખોટું કર્યું/થયું' ની બુદ્ધિ જ ન હોય... પશ્ચાત્તાપ કે પ્રાયશ્ચિત્તનો તો પ્રશ્ન જ ક્યાં હોય ?
અરે ! કોઈ સાધુ રાગજનક વસ્તુને ત્યાગતો હોય – તો ' આ તો નિર્દોષ છે – શુદ્ધ છે – અનુકૂળ છે.... લો લો....' કહીને તેની ત્યાગની પરિણતિને કસોટીએ ચડાવીએ ! (કે પાડી જ દઈએ !)
નથી લાગતું, કે ક્યાંક માર્ગ ભૂલ્યા છીએ...?

પ્રવૃત્તિનું વર્તુળ નાનું થયું છે; પણ કેન્દ્ર તો રાગનું અડીખમ ઊભું છે...
એટલે જ શાસ્ત્રકારો એનાથી થતો કર્મક્ષય મંડૂકચૂર્ણ જેવો કહે છે...
ક્રૂર – નિષ્ઠુર પાપીઓ રાગ પોષવા ગમે તે પાપ કરે...
સજ્જન માણસ લોકનિંદ્ય પાપ છોડે...
શ્રાવક અજયણા છોડે.... આપણે હિંસા છોડી...
આમ, પ્રવૃત્તિ ઘટાડી, પણ તે બધી પ્રવૃત્તિ છેવટે જો રાગને પોષવાના લક્ષ્યથી જ થતી હોય; તો તેનું પરિણામ માત્ર પુણ્યબંધ છે. સંસારહ્રાસ નથી...

જે વાત કરી તે કામરાગ (ઈન્દ્રિય સંબંધી) ની છે. તેવી જ દૃષ્ટિરાગની પણ છે...
વિરાધનાથી બચવું છે; પણ સ્વ–માન્યતાના આગ્રહથી બચવાનો પુરૂષાર્થ ખરો...? જો હોય, તો સંવિગ્ન ગીતાર્થ ગુરૂ/વડીલના વચન પર વિકલ્પ પણ કેમ થાય ?
સંઘ/સમુદાયની ચિરરૂઢ પરંપરાથી વિરુદ્ધ સ્વમાન્યતાથી પ્રવૃત્તિ કેમ થાય..?
તેવી પરંપરાનો અનાદર– ખંડન– નિંદા કેમ જોવા મળે ?
પોતાની ઈચ્છા મુજબ કરવા ગુરૂવર્ગ પાસે આગ્રહ, દલીલબાજી, તર્ક યાવત્ દંભ પણ શી રીતે થાય?
હું કદાચ ત્યાં સુધી કહીશ, કે વિરાધનાથી આગળ વધીને કામરાગથી બચવાનો પુરૂષાર્થ કરનારા સંયમીઓ હજુ મળશે... પણ દૃષ્ટિરાગથી બચવાનો પુરૂષાર્થ કરનારા..? કદાચ એવું જોવા મળે છે કે વિરાધના/કામરાગથી બચવાનો/બચાવવાનો આગ્રહ જ દૃષ્ટિરાગ રૂપ બની જાય છે !
કલિકાલસર્વજ્ઞએ વીતરાગ સ્તોત્રમાં સાચું જ કહ્યું છે – दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि ।

પરોપકાર વધુ થાય તેવો આગ્રહ – પોતાની માન્યતા (સંવિગ્ન ગીતાર્થ વડીલો પાસે પ્રમાણિત કરાવ્યા વિના, કે અપ્રમાણિત કરે તો પણ) જાહેરમાં મૂકવાનો આગ્રહ....
આવા દૃષ્ટિરાગ તો અચ્છા અચ્છા સાધુઓમાં પણ જોવા મળે છે....
ખરેખર, મોહરાજા ચાલાક છે... કેવી કુનેહથી આપણને ફસાવે છે !

પરિષહ

- પરિષહ અને ઉપસર્ગ વચ્ચે તફાવત શું ?
  સ્થૂળથી એમ કહી શકાય કે,
  જેનું વારણ થઇ શકે, સહન કરવા/ન કરવાનો વિકલ્પ મળે, તે પરિષહ.
  જેનું વારણ થઇ જ ન શકે, સહન કરવું જ પડે, તે ઉપસર્ગ.
- શીત પરિષહનો કામળી/ધાબળાથી, રોગ પરિષહનો દવાથી... પ્રતિકાર થઇ શકે. એ રીતે પ્રાયઃ બધા પરિષહોમાં બને.
- પરિષહોમાં બે ભેદ પડે. (૧) આવી પડેલ (૨) ઊભા કરેલ. દા.ત. ગરમી આવી પણ પડે....અને મકાનમાં ગરમી ન હોય છતાં બપોરે ૧૨ વાગે ટેરેસમાં જઈને ઊભા રહીએ તો પરિષહ ઊભો થાય.
- આવી પડેલ પરિષહો માટે
  1. સહન કરવું–પ્રતિકાર ન કરવો.
  2. ઉત્સર્ગ માર્ગે પ્રતિકાર કરવો.
  3. જયણાપૂર્વક અપવાદમાર્ગે પ્રતિકાર કરવો.

  એ ક્રમશઃ નીચલા તબક્કા છે.
  જેમ કે ગરમી સખત હોય તો,
  1. સહન જ કરવું. સ્થાન પણ ન બદલવું. તે શ્રેષ્ઠ ભૂમિકા છે.
  2. ગરમી ઓછી હોય/તડકો ન હોય–તેવા સ્થાને ચાલ્યા જવું. તે ઉત્સર્ગ માર્ગે પ્રતિકાર છે. (વસ્તુતઃ તો તે પણ અપવાદ બને. પણ કોઈ વિરાધના ન હોવાથી અપેક્ષાએ ઉત્સર્ગ કહી શકાય.)
  3. બારી ખોલ–બંધ કરવી (પૂંજીને) – તે જયણાપૂર્વકનો અપવાદ છે. અપવાદમાં પણ વિવિધ તબક્કા હોઈ શકે.

  સંયમ તો જ ટકે, જો આ ત્રણ તબક્કા ક્રમશઃ સેવાય.
- વસ્તુતઃ તો શાસ્ત્રકારો, પરિષહ ઊભા કરીને સહન કરવાનું કહે છે. કદાચ, તે આપણે ન કરીએ, તો ય આવી પડેલ પરિષહને સહન કરવો (પ્રતિકાર ન કરવો) – તેનો પ્રયાસ તો કરી શકાય.
  તરસ લાગે તો પાણી પીવાનું વિલંબમાં મૂકી શકાય. મચ્છર કરડે તો ઉડાડવાનું ટાળી શકાય. ચાલતાં તડકો આવે તો છાંયડામાં જવાનું ટાળી શકાય. પાણી ઠંડું હોવા છતાં સામાન્ય પાણી વાપરી શકાય.
- તત્ત્વાર્થમાં શાસ્ત્રકાર કહે છે–માર્ગ પર ટકી રહેવા માટે પણ પરિષહ સહન કરવા જરૂરી છે. અર્થાત્ પરિષહને સહન કરવાની વૃત્તિ ન હોય, તો માર્ગભ્રષ્ટ થઇ જવાની

પૂરી શક્યતા છે. અને એ અનુભવાય છે કે પરિષહો સહન ન કરીએ, તો ધીરે ધીરે સંયમમાં સ્ખલના આવતી જાય છે.

- પરિષહો સહન કરવાથી નિર્જરા થાય. શરીરનો રાગ–સુખશીલતાના સંસ્કાર નબળા પડે. સંયમ વિશુદ્ધ બને/ટકી રહે. સમાધિ સરળ બને, કારણ કે સહિષ્ણુતા વધે. વગેરે અનેક લાભો છે.
- યુવાનીમાં જ પરિષહો સહન થઇ શકશે.
  વૃદ્ધાવસ્થામાં તો કદાચ શરીર પણ સક્ષમ નહિ હોય.
  એટલે પરિષહો સહન કરવાનું વલણ કેળવવું જોઈએ.
- હા, સ્વાધ્યાય સીદાય, જરૂરી વૈયાવચ્ચ (ગુરુ/ગ્લાનની ભક્તિ કે માંડલીના કાર્યો) સીદાય કે મોટો રોગ આવી પડે, તે રીતે પરિષહો સહન કરવાના નથી. રાતના મચ્છરદાની ન નાખવાથી ઊંઘ એવી બગડે કે દિવસે પાઠમાં ઝોકા આવે, તે ન ચાલે. તેણે દંશ પરિષહ પ્રતિક્રમણ વગેરેમાં સહન કરવાનો.

સહન કરવું

ઉત્તરાધ્યયન સૂત્રમાં આપણા માટે લખ્યું છે –
कसिणे अहियासए जे स भिक्खू ।

જે બધું સહન કરે તે સાધુ !
શાસ્ત્રકારે આપણા પર વિશ્વાસ મૂકીને આપણું વિશેષણ મૂક્યું છે.
પણ આપણે તે સાર્થક કરીએ છીએ ખરા ?

સહન કરવાનું અનેક પ્રકારનું હોય...

- **જેનો પ્રતિકાર/ઉપાય શક્ય જ નથી... અથવા પ્રતિકાર/ઉપાય કરવા છતાં સફળતા મળતી નથી...**

અસાધ્ય રોગની પીડા વગેરે આ ક્ષેત્રમાં આવે.
આ દરેક વ્યક્તિએ સહન કરવું જ પડે, કરે જ...
ફરક એટલો પડી શકે કે કોઈ હાયવોય–આર્તધ્યાન કરે, કોઈ કર્મનો ઉદય વગેરે માની – સમતા/સમાધિ થી સહન કરે...
આપણે જો તેવી પીડામાં સમતા રાખીએ, તો જ સહન કર્યું કહેવાય.

- **જેનો પ્રતિકાર શક્ય છે, પણ સાધ્વાચારને અનુરૂપ નથી.**

48 ડિગ્રી ગરમીને A.C. થી દૂર કરી શકાય, પણ તે સાધ્વાચારને અનુરૂપ નથી.
આવું પણ સહન ન કરે, સાધ્વાચારની મર્યાદાને ઓળંગે – તેનામાં તો સાધુપણું જ ન રહે – માત્ર વેશ રહે.

જે આવા પરિસહ સહન કરે, તે વ્યવહારથી તો સાધુ રહે જ.

- **જેનો પ્રતિકાર વર્તમાનકાલીન સાધ્વાચારની મર્યાદામાં રહીને શક્ય છે.**

શાસ્ત્રકાર તો પીડાને સહન કરવી – તે જ ઉત્સર્ગ બતાવે છે.

પણ વર્તમાનકાલીન સાધ્વાચારની મર્યાદા તેવી નથી.

ઠંડી લાગે તો કામળી ઓઢી લેવામાં સાધ્વાચારનો ભંગ નથી.

આવું સહન ન કરે, આચારપાલન સાચવીને પ્રતિકાર કરે, તેનામાં વ્યવહારથી સાધુપણું રહે, પણ પરિણતિથી રહેવું દુષ્કર બને.

સુખશીલતા એ નાનો દોષ નથી. કદાચ આચારપાલનની કટ્ટરતા હશે તો પણ અંદર પડેલી સુખશીલતા – આગળ જતાં આચારભ્રષ્ટ કરીને રહે છે.

જ્યાં સુધી ગુરુનું નિયંત્રણ, સમુદાયની વ્યવસ્થા, લોકોની શરમ હશે – ત્યાં સુધી તો આચારનું પાલન રહેશે. એ બધા નિયંત્રણો જશે, તે દિ' આચાર પણ ચાલ્યો જાય, તે સંભવિત છે.

અને કદાચ આચાર હોય તો પણ અંતર્વૃતિ જો રાગની પુષ્ટિ કરવાની જ હશે, તો આત્મકલ્યાણ શી રીતે થશે ?

અત્યંત ચુસ્ત આચારપાલકો પણ સુખશીલતાના પાપે ભ્રષ્ટ થતા જોવાયા છે.

એટલે આ દોષને નાનો માનવા જેવો નથી.

સામાન્યથી શરૂઆતના સાધુજીવનમાં નિર્દોષતાનો આગ્રહ હોય છે, આચારપાલનની કટ્ટરતા હોય છે... પણ સુખશીલતા તરફ લાલ આંખ હોતી નથી.

સામુદાયિક વ્યવસ્થા/નિયંત્રણ જે આચારપાલનના હોય, તે મર્યાદાની અંદર રહીને સુખશીલતા પોષશું – તો ગુરુ કડક નથી થવાના.

કોઈ કહેવાનું પણ નથી.

આપણે પોતે જ આપણા ગુરુ/કલ્યાણમિત્ર બનવાનું છે.

देहदुःखं महाफलं ।

मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ।

जे सारक्खाया से तयक्खाया

- આપણને શાસ્ત્રકારોએ 'ત્યાગી' કહ્યા છે.
  ગૃહસ્થો પણ આપણને 'ત્યાગી' માને છે, કહે છે.
  આપણે ખરેખર 'ત્યાગી' છીએ ખરા ?
- ગોચરીમાં રોટલી અને થેપલા – બંને આવ્યા હોય, વહેંચનાર બંનેની ઓફર કરે, તો આપણે શું લઈએ ?

રોટલી છોડીને થેપલા લે, તેને ત્યાગી કહેવાય ?
મોહનથાળ છોડીને કાજુકતરી લે, તેને ત્યાગી કહેવાય ?
સવારની ગોચરીમાં ખાખરા મંગાવ્યા હોય, થેપલા આવ્યા હોય,
તો થેપલા વાપરી જાય અને એકાસણાવાળાને ખાખરા પતાવવા આપે – તે ત્યાગી કહેવાય ?

- ગૃહસ્થોમાં પણ સજ્જનતા હોય છે.
ચાર જણા જમવા બેઠા હોય, ત્રણ થેપલા હોય તો સજ્જન માણસ થેપલું ન લે, બાકીનાને આપે.
આપણે જો ઉત્તમ વસ્તુ પહેલા લઈએ, તો 'ત્યાગી' તો નથી જ;
પણ 'સજ્જન' પણ કહેવાઈએ ખરા ?
સાધુ તરીકે આપણી પાસે તો વધારે અપેક્ષાઓ હોય ને ? અને આપણે તો બીજા સાધુની ભક્તિ કરવાની છે...
- ઉપર ટાંકેલું શાસ્ત્રવચન એ જ કહે છે –
જે ઉત્તમ વસ્તુ વાપરે છે, તે હકીકતમાં તુચ્છ વસ્તુ વાપરી રહ્યો છે...
અને, ઉત્તમ વસ્તુ માંગીને લેવાની તો હોય જ નહીં ને ?
ગૃહસ્થ પણ માંગતા શરમાય, 'આબરૂ જશે' તેવા ભયથી પણ ન માંગે... તો સાધુ માંગે ?

'અઈઅં નિંદામિ'

- પચ્ચક્ખાણના ૧૪૭ ભાંગા બતાવ્યા છે, તેમાં જેનું પચ્ચક્ખાણ કરો છો, તે પાપ ભૂતકાળમાં કર્યું હોય તેની નિંદા પણ બતાવી છે.
અર્થાત્, જો ભૂતકાળમાં કરેલા પાપનો પશ્ચાત્તાપ ન હોય, તો વર્તમાનમાં તેનો ત્યાગ હોય તો પણ સાચું ભાવ–પચ્ચક્ખાણ બનતું નથી.
- કારણ એ છે કે પાપ પ્રત્યેની સૂગ, તેની હેયતા (ત્યાજ્યતા)ની બુદ્ધિ એ ભાવ–પચ્ચક્ખાણ છે. જો તેવી સૂગ હોય, તો ભૂતકાળમાં કરેલાનો અફસોસ હોય જ. જો તેવો અફસોસ નથી, તો સૂગ નથી – તેથી ભાવ–પચ્ચક્ખાણ પણ નથી.
- પાપના પરલોકમાં મળતા ફળ–દુઃખ–દુર્ગતિ (નરક/તિર્યંચ)થી ડરીને પાપ છોડવા, તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે. તેમાં મોટું પરાક્રમ નથી... દુઃખનો ડર તો જગતના સર્વ જીવોને છે. દુઃખના ડરથી પાપ છોડનારને માત્ર સમજ આવી છે કે 'પાપનું ફળ દુઃખ છે' – એટલી જ વિશેષતા છે... (બીજા જીવોને પણ જેમાં તેવી સમજ હોય – તે કાર્ય છોડે જ છે... કોઈ આગમાં હાથ નથી જ નાખતું...)

- પાપ પોતે જ ન ગમે... તેમાં થતા રાગ–દ્વેષ જ સંક્લેશરૂપ લાગે, દુઃખરૂપ લાગે... તે સાચો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે... તે જ 'જ્ઞાનદશા' છે – જેના વિના કર્મનો (દોષનો) ક્ષય નથી થતો – તેવું જણાવાયું છે. અને જ્યારે તેવી જ્ઞાનદશા આવે, ત્યારે અતીતના પાપની નિંદા પણ આવે જ...

કહાણી – સરખામણીની

સંયમજીવનમાં અત્યંત ઘાતક અને ઘણીવાર માર્ગભ્રષ્ટ કરી દેતું એક પરિબળ છે, **સરખામણી (Comparison)**

આપણે આપણું હિત કરવા... આત્મગુણોની કમાણી કરવા... દોષોનો નાશ કરવાના લક્ષ્યથી સંયમ લઈએ છીએ...

એટલે, આપણું સંયમ સફળ થયું – તેની પારાશીશી ખરી તો એ છે કે,

- આપણું સમર્પણ કેટલું વધ્યું ? ગુરૂના વચનમાં વિકલ્પો બંધ થયા/ઓછા થયા ?
- જિનાજ્ઞા/શાસ્ત્રવચન/શાસન અને સમુદાયની પરંપરા – એ બધાની વફાદારી વધી ? તેમાં કુતર્કો ઘટ્યા ?
- ગોચરી વાપરતાં થતો રાગ ઘટ્યો ?
- ગરમી વધતા થતી અકળામણ ઘટી ? ઠંડા પાણીની કે ઠંડા સ્થાનની અપેક્ષા ઘટી ?
- મેલાં કપડાંની અરુચિ ઘટી ?
- પ્રતિકૂળ પરિસ્થિતિમાં સ્વસ્થતા વધી ?
- કોઈ અપમાન કરે તો સહન કરવાની શક્તિ વધી ?
- કોઈ પ્રશંસા કરે તો થતાં ગલગલિયા ઘટ્યા ?... વગેરે.. વગેરે...

એટલે કે આપણે આપણી જ ગઈકાલ સાથે સરખામણી કરવાની છે.. ગઈકાલ કરતાં આજે દોષ ઘટ્યા હોય, ગુણ વધ્યા હોય, તો આપણું સંયમ નિશ્ચિતપણે સફળ છે....

{આ ક્ષેત્રે આપણે ખરેખર આત્મનિરીક્ષણ કરવા જેવું છે. સંતોષકારક પ્રગતિ છે ? }

પણ મુશ્કેલી એ છે કે, આપણે આપણી જાતની સાથે સરખામણી કરવાના બદલે બીજાની સાથે સરખામણી કરવા લાગીએ છીએ... અને તે પણ ગુણપ્રાપ્તિ/દોષનાશના ક્ષેત્રમાં નહીં, પણ પુણ્યના/શક્તિના ક્ષેત્રમાં.....

- પેલાને આટલા શિષ્યો થઈ ગયા / મુમુક્ષુઓ છે... મારે તો આટલા જ... / કોઈ નહીં...
- પેલાની નિશ્રામાં મોટી સંખ્યામાં તપશ્ચર્યા થાય / ઊંચા ચડાવા થાય / શિબિર હાઉસફૂલ થાય / છ'રી પાળતા સંઘો નીકળે / ઉપધાન – નવાણું થાય / ઠેર ઠેર શાસન – પ્રભાવના – ઠાઠમાઠ થાય... અને મારી નિશ્રામાં...?

- પેલાને સારા ક્ષેત્રોની ચાતુર્માસની વિનંતી થાય / ગુરૂવર્ગ તરફથી સારું ક્ષેત્ર ફાળવાય... મને નબળા...
- પેલાને ગુરૂવર્ગ તરફથી અનેક અધિકારો અપાય, મને નહીં...
- પેલાના પુસ્તકોની સર્વત્ર બોલબાલા થાય... મારાની...?
- પેલાનું નામ ચારે બાજુ ગાજતું થાય, મને કોઈ ઓળખે પણ નહીં...

આ બધી સરખામણી પરોપકારની થઈ, જેઓ પરોપકારમાં નથી પડ્યા, તેઓ પણ...

- પેલા આટલા ગ્રંથ ભણી ગયા....
- પેલા સંસ્કૃતમાં લખતા થઈ ગયા....
- કાવ્યનું સર્જન કરતા થઈ ગયા...
- ન્યાયમાં નિપુણ થઈ ગયા.....

આવી બધી સરખામણી કરવા માંડે છે....

પરિણામ ? કલ્પના પણ ધ્રુજાવી દે તેવી છે....

1. **બીજાની ઈર્ષ્યા – તેની પ્રગતિમાં સંતાપ**

   એટલે કે વાસ્તવમાં શાસનને લાભ થતો હોય તો પણ આનંદના બદલે દુઃખ... બીજાના શિષ્ય બને તેવી દીક્ષા પણ ગમે નહીં... બીજાના વ્યાખ્યાન સાંભળનારા શ્રોતા વધે તે ગમે નહીં.... તપશ્ચર્યા વધે / ઉપધાનના આરાધકો વધે તે ગમે નહીં... જે બોધિના મૂળમાં અગ્નિ મૂકે...

   તેમની નિંદા કરવાનું મન થાય... ખૂણે ખાંચરે રહેલા તેમના નાના દોષો પ્રગટ કરવાનું મન થાય.. ન મળે તો અસદ્ભૂત દોષનું ઉદ્ભાવન કરવાનું મન થાય.. કોઈ તેમની પ્રશંસા કરે તો ગમે નહીં, તોડી પાડે...

   તેમની પ્રગતિ અટકે (કે પતન થાય) તેવું મન થાય... ક્યારેક તો તેવા પ્રયાસ પણ થાય...

   અહા ! સંયમી પણ કઈ હદ સુધી પહોંચે !

2. **હતાશા**

   ધરખમ પ્રયાસ કરવા છતાં પણ પોતે તેમને ન જ પહોંચી શકે, તો હતાશા આવે, ડિપ્રેશનમાં ચાલ્યા જાય... પોતાનું જીવન નિષ્ફળ લાગે... માનસિક રોગો ઊભા થઈ જાય તેટલી હદનું આર્તધ્યાન થાય...

3. **અનુચિત માર્ગે પુરૂષાર્થ**

   પોતાની પ્રભાવક્તા વધે, તે માટે ગમે તે માર્ગે જવાનુ મન થાય... અમલ પણ થાય...

પોતાની પ્રભાવક્તાને ગાઈ– વગાડીને જાહેર કરવાનું મન થાય... હોય તેના કરતા વધારે – અતિશયોક્તિ કરીને જાહેરાતો થાય...

પોતાને નિષ્ફળતા મળે તો યેનકેન પ્રકારે બીજા – વ્યવસ્થાપકો વગેરે પર દોષારોપણ કરે... તેમાં મૃષાવાદ – અભ્યાખ્યાન પણ થાય...

શિષ્યોને ખેંચવાના – બીજાની નિંદા દ્વારા; શ્રોતાને આકર્ષવાના – ગતકડા દ્વારા... પ્રયાસો થાય.

4. **અભિમાન**

પોતાને સફળતા મળે, પોતાની પ્રશંસા થાય, બીજાને નિષ્ફળતા મળે, બીજાની નિંદા થાય... તેમાં આનંદ થાય. અહંકારથી ફૂલાય...

5. **માર્ગભ્રષ્ટતા**

દોષનાશ / ગુણપ્રાપ્તિનું લક્ષ્ય સર્વથા ભૂલાઈ જાય અને માત્ર પ્રભાવકતા વધારવાનું લક્ષ્ય બચે – 24 X 7 X 360 એ જ લેશ્યા ચાલે... સર્વથા માર્ગભ્રષ્ટ થઈ જવાય... આથી વધુ કરૂણતા બીજી કઈ? પેલું ગીત યાદ આવી જાય...

જાવા નીકળ્યા' તા અમે ઉગમણી દિશાએ...
આથમણીએ અમે જઈ ચડ્યા...
ભવના મુસાફિર અમે ભૂલા રે પડ્યા....

સાવધાન..!

આપણે જાતને સુધારવા દીક્ષા લીધી છે; બીજાથી ઊંચા સાબિત થવા નહીં...

સરખામણી જાતની ગઈકાલ સાથે જ કરીએ...

બીજા સાથે કરવી હોય તો પણ ગુણના ક્ષેત્રે કરીએ...

- પેલા કેટલા અપ્રમત્ત છે ? હું પ્રમાદી...
- પેલાનો સમિતિ – ગુપ્તિનો ઉપયોગ કેટલો સુંદર છે !... હું બેદરકાર...
- પેલા કેવા ત્યાગી છે ! સંયોજના વિના વાપરે છે... હું ભોગી...
- પેલા કેવા નિ:સ્પૃહ – અંતર્મુખ છે ! હું લોકસંજ્ઞામાં ફસાયો છું...

આવી સરખામણી અપ્રમત્ત થવા – સંયમમાં ચુસ્ત થવા ચાનક ચડાવશે... જે આત્માને લાભકારી થશે...

બાકી પુણ્ય/શક્તિના ક્ષેત્રની સરખામણી તો સરેઆમ નુકસાનકારક જ છે.

અનાદિકાલીન સંજ્ઞાને પરવશ થઈને મન તેવી સરખામણી કરવા લાગે ત્યારે જાતને ટપારજો...

' મેં આના માટે દીક્ષા નથી લીધી... મારું લક્ષ્ય ગુણપ્રાપ્તિનું છે...

અને, શક્તિ કે પુણ્યને ગુણ સાથે કોઈ સંબંધ નથી... કેવલીઓ પણ વિશિષ્ટ પુણ્ય

વિનાના હોય છે...
શક્તિ/પુણ્ય ન હોવાથી મોક્ષ વિલંબિત થતો નથી...
શક્તિ/પુણ્ય હોવાથી મોક્ષ નજીક આવતો નથી...
પછી શાને આ બળાપો ? વ્યર્થ દુર્ધ્યાન ?'

સાધુની સેવા : અનુકંપા કે ભક્તિ ?

કોઈની પણ સેવા, એ ભક્તિ છે કે અનુકંપા ?
તેનો નિર્ણય પાત્રના આધારે થાય છે.
સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા વગેરેની ભક્તિ ગણાય છે.
યાચક વગેરેની અનુકંપા ગણાય છે.

તેવી જ રીતે, સેવા કરનારના ભાવના આધારે પણ નિર્ણય થાય છે.
સાધુની સેવા પણ એ ભાવથી કરે કે – 'કોઈ તેનું કરનાર નથી... તકલીફમાં છે...' તો તે અનુકંપા ગણાય છે.
અને 'ગુણસંપન્ન મહાત્મા છે... તેમની ભક્તિનો લાભ લઈને મારે ગુણસંપન્ન બનવું છે.' એવા ભાવથી કરે, તો તે ભક્તિ ગણાય છે.

સમુદાયના – માંડલીના કાર્યો પણ 'લાભ લેવાના' ભાવથી કરીએ, તો ભક્તિ બને..
'ઉપકાર કરવાના' ભાવથી કરીએ તો અનુકંપા બને.
અનુકંપાનું ફળ પુણ્યબંધ છે.
ભક્તિનું ફળ પુણ્યાનુબંધી પુણ્યનો બંધ છે.

આપણે કરવાના તો છીએ જ.
અનુકંપાનો ભાવ લાવશું, તો ૧ રૂપિયો કમાશું.
ભક્તિનો ભાવ લાવશું, તો ૧૦૦ રૂપિયા કમાશું.
શુ કરવું ? તે આપણે જ નક્કી કરવાનું છે.

ગોચરી આલોવવી

ગોચરી વડીલને બતાવ્યા વિના (આલોવ્યા વિના) માંડલીમાં મૂકવાના નુકસાનો →

1. ગુરૂ આપે તે જ વાપરવાનું છે. ગુરૂને બતાવ્યા વિના વાપરવાથી ગુરૂ–અદત્તનો દોષ લાગે, જે ત્રીજા મહાવ્રતનો અતિચાર છે .
2. ગુરૂને આમંત્રણ આપ્યા વિના બીજાને આપવું – તે ગુરૂની આશાતના છે.
3. ગુરૂને દેખાડવાનું છે – એ ખબર હશે, તો સામુદાયિક વ્યવસ્થાનો ભંગ કરીને અનાચીર્ણ–અકલ્પ્ય વગેરે લાવવાનું, પ્રણીત–પ્રમાણાતીત લાવવાનું નહીં બને.

4. ધર્મરૂચિ અણગારે ગુરૂને બતાવ્યું, તો ઝેર હોવાનું ગુરૂ કહી શક્યા. સીધે-સીધું વાપર્યું હોત તો ?
   એટલે આરોગ્યને પ્રતિકૂળ હોય તો ગુરૂ ચેતવી શકે, માર્ગ બતાવી શકે.
5. આપણને અપરિચિત દ્રવ્યના ગુણ-દોષ ગુરૂ જણાવી શકે.
6. અત્તરવાયાણા-પારણા હોય તેને વિશિષ્ટ દ્રવ્ય આપવા / ન આપવાની સૂચના કરી શકે.
7. રાગજનક દ્રવ્યો હોય, તો રાગથી બચવા માર્ગ બતાવી શકે.
8. નવા નિયંત્રણો મૂકવા જરૂરી લાગે, તો મૂકી શકે.

ગુણાનુરાગ

- જિનશાસન ગુણપૂજામાં માને છે, વ્યક્તિપૂજામાં નહિ. એટલે, આપણા ગ્રુપ-સમુદાય વિગેરે સિવાય બીજે ક્યાંય સારું ન જ હોય, તેવું માનવું નહિ. બીજા બધાને દોષદૃષ્ટિથી જોવા નહિ.
  બીજા ગ્રુપ-સમુદાય વગેરેમાં પણ ગુણો હોઈ શકે છે; આપણામાં ન હોય તેવા પણ ગુણો હોઈ શકે છે. અને તે દેખાય તો તેની ઉપબૃંહણા કર્યા વિના ન રહેવું.
  જો શાસ્ત્રકારો જૈનેતરના ગુણોની પણ અનુમોદના કરવાનું કહેતા હોય, તો બીજા સમુદાય વગેરેની કેમ ન થાય ?
- હા, જૈનેતરની અનુમોદના એ રીતે ન થાય કે તેના ધર્મનો પ્રચાર થાય. (કોઈ ક્રિશ્ચિયનની ક્ષમાની પ્રશંસા તેના નામથી કરી શકાય – 'ફલાણા ભાઈ ક્ષમાશીલ છે.' પણ 'પાદરીઓ ક્ષમાશીલ હોય છે.' એવી પ્રશંસા ન કરાય.) તેમ સ્વચ્છંદ વિહારી (ગુરુકુલવાસના ત્યાગી) ની અનુમોદનાની શાસ્ત્રકારે ના પાડી છે. ઉત્સૂત્ર પ્રરૂપકની પણ ન કરાય.
  પ્રશ્ન : શિથિલાચારીની ?
  ઉત્તર : શિથિલાચારી પણ શુદ્ધ પ્રરૂપક હોય, બીજાના સંયમગુણનો અનુરાગી (સંવિગ્નપાક્ષિક)-સહાયક હોય, તો તે ગુણોની અનુમોદના કરાય.
- બીજી વાત – આપણે સહુ છદ્મસ્થ છીએ. સહુમાં દોષ છે જ. તમે દોષદૃષ્ટિ ન રાખો, તો પણ પ્રમાદાદિ દોષો દેખાય તો ખરા જ. ગુરુવર્ગના તેવા દોષો ગાવા નહિ. કદાચ કોઈ આક્ષેપ કરે તો બચાવ કરવા માટે તેને ઢાંકવા. પણ નિષ્કારણ જ દોષને ગુણરૂપે ખપાવવાની ચેષ્ટા કરવી નહિ. કોઈમાં વધારે ક્રોધ હોય તો તેને ભીમગુણ રૂપે ન ખપાવવો.
  પ્રશ્ન : શા માટે ?

ઉત્તર : અતિશયોક્તિ કરવાથી, જેને વાસ્તવિકતા ખબર છે, તેને વિશ્વાસ ઊઠી જાય.. પછી બીજા સાચા ગુણોમાં પણ શંકા થાય. બીજાના ગુણોમાં પણ શંકા થાય. એટલે જ શાસ્ત્રકારે સદ્ભૂત ગુણોનું ઉત્કીર્તન કહ્યું છે.

ક્રિયાનો આશય

- કોઈપણ ધર્મક્રિયાનો હેતુ સમજવા પ્રયાસ કરવો જોઈએ. શ્રદ્ધાથી ક્રિયા કરવાની ના નથી; પણ હેતુ ન સમજ્યા હોઈએ તો ઘણાં ગોટાળા સર્જાઈ શકે.
  ક્યારેક, તે ક્રિયા એવી રીતે થાય કે મૂળ હેતુ સિદ્ધ થવાને બદલે તેનું ઊંધું થઈ જાય ! પડિલેહણ જીવરક્ષા માટે છે–તે ભૂલી જાય અને ઝાપટ–ઝૂપટ કરે તો જીવહિંસા થઈ જાય.
  વર્તમાનમાં ઘણી બધી ક્રિયાઓમાં આવું થઈ જતું હોય છે.
- મૂળ હેતુ ખબર ન હોય તો કુતર્કોનો જન્મ થાય.
  તિથિએ લીલોતરીનો ત્યાગ 'હિંસા' ના કારણે છે–એવું માની લીધું–એટલે સૂકવણી આવી. 'રાગ' ના કારણે છે–તેની ખબર હોય તો આવો ગોટાળો ન થાય.
  શ્રુતલેખન શ્રુતના પ્રસાર માટે છે. તેને બદલે અહિંસા પ્રધાન કરી તો મુદ્રણાદિનો વિરોધ આવ્યો. હકીકતમાં મુદ્રણાદિથી શ્રુતનો પ્રસાર વધુ થાય છે, શુદ્ધ થાય છે, સારો થાય છે.

  એટલે ઐદંપર્યના જ્ઞાનીઓ પાસે, ક્રિયાના ઐદંપર્ય સમજવા.

ઔચિત્ય

- અધ્યાત્મ–યોગના ગ્રંથો , ધર્મની ક્રિયા અને યોગ(અધ્યાત્મ) વચ્ચે ભેદ કરે છે .
  જે માત્ર પુણ્ય બંધાવે, તે ધર્મક્રિયા.
  જે સાનુબંધ પુણ્ય બંધાવે, દોષ ઘટાડે, અને એટલે સંસાર ઘટાડે – તે યોગ.
  માત્ર પુણ્યની વિશેષ કિંમત નથી. ષોડશકમાં તો તેને ઘાસ જેવું બતાવ્યું છે.
  એટલે આપણી દરેક ધર્મક્રિયાને યોગ બનાવવી જોઈએ.
  તે શી રીતે બને ?
- અનેક પરિબળોમાં એક છે, ઔચિત્ય.
  યોગશતકની ટીકામાં તો, યોગનું લક્ષણ જ કર્યું છે –
  सर्वत्र उचितानुष्ठानं योगः |
  અર્થાત્ જ્યાં ઔચિત્ય છે, ત્યાં જ યોગ છે.
  જ્યાં ઔચિત્ય નથી, ત્યાં યોગ નથી.
- ઔચિત્ય એટલે શું ?

તેના પણ અનેક પાસા છે.

પણ તે બધામાં કેન્દ્રવર્તી પરિબળ છે – બીજાનો વિચાર.

જ્યાં માત્ર પોતાના વિચાર ન હોય, બીજાનો વિચાર હોય; ત્યાં ઔચિત્ય છે.

જ્યાં માત્ર પોતાનો વિચાર છે, બીજાનો વિચાર જ નથી; ત્યાં ઔચિત્ય નથી.

એટલે ધર્મક્રિયા હોય, તો પણ યોગ નથી.

- દૃષ્ટાંતથી વિચારીએ.

'વાપરવા પધારો' ની બૂમ પડયા પછી આપણે તરત પહોંચી જઈએ, તો બે–ચાર મિનિટ બેસી રહેવું પડતું હોય છે. તેવા અનુભવથી એવું વિચારીએ – 'બે–ચાર મિનિટ બગડે છે; તેના કરતાં એક કામ પતાવીને જાઉં.' અને પાંચ મિનિટ મોડા જઈએ. તો શું થાય ?

1. બધા આવી જાય, આપણે ન પહોંચીએ – તો વહેંચવાનું મોડું શરૂ થાય. તેટલો બધાને આહારમાં અંતરાય થાય.

   આ લખું છું ત્યારે એક પ્રસંગ યાદ આવે છે.

   મુ. નિર્મળસુંદર વિ. ની દીક્ષા, પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂ. મ. ની નિશ્રામાં થઈ. મહોત્સવના દિવસોમાં એક વાર હું ગોચરી વહેંચતો હતો. પૂ. રાજેન્દ્રસૂ. મ. નું વપરાઇ ગયું – પાતરા ધોવાઇ ગયા. બીજા મહાત્માએ લૂછવા માટે પાતરા માંગ્યા. હું લઈને આપવા જતો હતો; ત્યાં પૂ. રાજેન્દ્રસૂ. મ. એ પકડી લીધા, ના પાડી, જાતે લૂછવા માંડયા. મેં આગ્રહ કર્યો, તો લગભગ રડવા જેવા ગળગળા થઈને કહે – 'તેઓ વાપરે છે. વચ્ચે હું પાતરા લૂછવા આપું; તો વાપરવામાં અંતરાય થાય!'

   હજી પણ તેઓશ્રીનો એ ચહેરો સ્મૃતિપટ પર છે.

2. કદાચ વહેંચવાનું શરૂ થઈ જાય, તો પણ વહેંચનારે તો આપણી રાહ જોવી જ પડે. તેમને વાપરવાનું મોડું થાય. તેનો અંતરાય બંધાય.

3. કદાચ બીજીવાર વહોરવા જવું પડે તેમ હોય, તો આપણને વહેંચાય નહીં ત્યાં સુધી રાહ જોવી પડે. એટલે જેઓ પણ બીજીવારમાં મંગાવે, તે બધાને; બીજીવાર વહોરવા જનારને વિલંબ થાય; વાપરવામાં અંતરાય થાય.

4. જેટલો વિલંબ થાય, તેટલો પલિમંથ થવાથી સ્વાધ્યાયની હાનિ થાય.

5. કોઈને દુર્ધ્યાન થવાની શકયતા રહે.

   સ્વ. પૂ. ગચ્છાધિપતીશ્રીની વાચનામાં વાંચેલું – 'ગોચરી આવી જાય, પછી સ્વાધ્યાય માટે અકાળ કહેવાય. તે વખતે સ્વાધ્યાય કરે, તે માંડલીને અંતરાય કરવાનું કર્મ બાંધે.'

   દરેક સામૂહિક ક્રિયા– વંદન– પ્રતિક્રમણ વગેરેમાં આ પ્રમાણે વિચારી શકાય.

આપણી એક મિનિટ બચાવવા જતા – ૧૫–૨૫ સાધુના સમુદાયની એક મિનિટ બગડે તો કુલ ૨૫ મિનિટ બગડે; એ આપણે સદા યાદ રાખવું જોઈએ.

- જ્યાં એવી વિચારધારા હોય કે 'મારી એક પણ મિનિટ ન બગડવી જોઈએ.' અને તેના માટે બીજાનો સમય બગડે – વગેરેની ઉપેક્ષા હોય, તો ઔચિત્ય નથી. તે ક્રિયા યોગ બનતી નથી. સંસાર ઘટાડતી નથી.

  જ્યાં એવી વિચારધારા છે કે 'મારા નિમિત્તે બીજાનો સમય ન બગડવો જોઈએ, પ્રતિકૂળતા ન થવી જોઈએ, આરાધના ન અટકવી જોઈએ. અસમાધિ ન થવી જોઈએ..' તો ઔચિત્ય છે.

- કદાચ ઔચિત્ય પાળવા જતાં કેટલાક દેખીતા નુકસાન થઈ શકે – સ્વાધ્યાય કે આરાધના ઓછા થાય.

  પણ બે મહત્ત્વના લાભ થાય છે.

  1. જે આરાધના થાય છે, તે સાનુબંધ બનવાથી તેની તાકાત સેંકડો ગણી વધુ થઈ જાય છે.
  2. લોકપ્રિયતા ઊભી થાય છે.
     ઔચિત્ય ચૂકનારો કદી લોકપ્રિય થતો નથી.

- મોહનીય અને જ્ઞાનાવરણ બંનેનો ક્ષયોપશમ હોય, તો જ ઔચિત્યની સમજણ આવે. પણ જેને ઔચિત્યપાલનનું લક્ષ્ય છે, તેને તેવો ક્ષયોપશમ થઈ જ જતો હોય છે.

  તેવી સમજ ન આવવાનું કારણ, મોટે ભાગે સ્વાર્થીપણું જ હોય છે.

  પોતાનું ઔચિત્ય ન સમજનારા પણ બીજાનું ઔચિત્ય સમજતાં જ હોય છે. તે બતાવે છે કે ખામી ક્ષયોપશમની નહીં; લક્ષ્યની છે.

- આપણે સહુ ઔચિત્યપાલન કરીએ, ક્રિયાને યોગ બનાવીએ, સંસારને ઘટાડીએ.

ગુણવિકાસ કે શક્તિવિકાસ ?

સંયમજીવનની સફળતાનો માપદંડ શું...?

વર્તમાનમાં લગભગ એવું દેખાય છે કે – કેટલો અભ્યાસ થયો ? કેટલું લેખન–સર્જન કર્યું ? કેવા પ્રવચન કરતા થયા ? તેના આધારે સંયમની સફળતાનો નિર્ણય કરાય છે. જે વધુ ગ્રંથોનો અભ્યાસ કરે, વધુ ગ્રંથો/પુસ્તકો લખે. સફળ પ્રવચનકાર બને – તેનું ચારિત્ર જીવન સફળ થયું – એમ માનવામાં આવે છે... એમની પ્રસિદ્ધિ વધુ થાય છે... એની અનુમોદના વધુ થાય છે. સંસારી સ્વજનો પણ એવી જ પ્રગતિ ઈચ્છે છે. તેના વિષયમાં જ પ્રશ્નો કરે છે.

અને એનું પરિણામ એ આવે છે કે લગભગ બધા નૂતન સંયમીઓ વધુ ગ્રંથ ભણવા –

લખવા કે પ્રવચનકાર બનવા ઈચ્છે છે અને તેવો જ પુરૂષાર્થ કરે છે...

નથી લાગતું કે આ વાતાવરણ અનેકને ઉન્માર્ગે દોરનારું – જોખમી છે ?
સંયમ શેના માટે છે ? આત્મગુણોના વિકાસ / દોષોના નાશ માટે; કે માત્ર અભ્યાસ – લેખન– પ્રભાવકતા વગેરે શક્તિના વિકાસ માટે ?
સ્વાધ્યાય– શાસ્ત્રાભ્યાસનો વિરોધ તો હોય જ નહીં... પણ એ પણ ગુણવિકાસના લક્ષ્યથી જ હોય... પ્રભાવક બનવા કે કોરા વિદ્વાન બનવા માટે નહીં. પ્રભુશાસન પરના શ્રદ્ધા– બહુમાન વગેરેની વૃદ્ધિ; સંયમપાલનમાં સ્થિરતા– દઢતા; નિઃસ્પૃહતા– સમતા વગેરેની વૃદ્ધિ એ ગુણો છે... ગ્રંથોની ગણતરી માત્ર વધે, એ ગુણ નથી... !
નૂતન સંયમીઓને ખાસ કહેવાનું કે,
શક્તિના વિકાસથી આત્મહિત થતું નથી... અભવ્યોનો પણ શક્તિવિકાસ થાય છે; અને કેવલીઓ પણ 'મૂક' હોય છે... ગુણનો વિકાસ જ આત્મહિત છે; તેના માટે જ આપણે સંયમ લીધું છે, એ સદા યાદ રાખવા જેવું છે...
શક્તિના વિકાસનું લક્ષ્ય ન રાખો. શક્તિવિકાસ ન થાય, તો અફસોસ ન કરો. બીજાના શક્તિવિકાસની ઈર્ષ્યા ન કરો... સહજ રૂપે શક્તિવિકાસ થાય, તો તેમાં હરખાવ નહીં. ગુણવિકાસનું જ લક્ષ્ય રાખો... તે થઈ રહ્યો છે કે નહીં, તેનું જ સતત નિરીક્ષણ કરતા રહો....
કેટલાક પ્રસંગો દ્વારા આ વાત સમજીશું....

1. કોઈ મહાત્માને તીવ્ર જ્ઞાનાવરણનો ક્ષયોપશમ છે. તેમણે પક્ખી સૂત્ર પાંચ કલાકમાં ગોખી લીધું... આપણો ક્ષયોપશમ મધ્યમ/મંદ છે. આપણને પાંચ દિવસ લાગ્યા. તો તેમાં સ્હેજ પણ દુઃખી થવાની, અફસોસ કરવાની, લઘુતાગ્રંથિ અનુભવવાની જરૂર નથી.... તે મુનિને પૂર્વભવની આરાધનાના પ્રભાવે જ્ઞાનાવરણનો ક્ષયોપશમ મળ્યો છે, તે શક્તિ છે. (યાદ રહે – મોહનીયનો ક્ષયોપશમ જ ગુણ છે...) આપણી પાસે શક્તિ ન હોય તો કંઈ નહીં... વાસ્તવમાં તો આપણે થાક્યા વિના, પાંચ દિવસ સુધી નિરંતર પુરૂષાર્થ કર્યો; તેનાથી કર્મક્ષય તે મુનિ કરતા વધુ થવાનો છે... કર્મક્ષયનો આધાર પુરૂષાર્થ છે; પરિણામ (Result) નહીં...! હા, આપણે પ્રમાદ કર્યો હોય – સમય વેડફ્યો હોય, તો આપણે ગુનેગાર છીએ જ. પણ જો ક્ષયોપશમની મંદતા / અન્ય આવશ્યક કાર્યોની વ્યસ્તતાના કારણે જ સમય વધુ લાગ્યો હોય, તો તેમાં કશા પસ્તાવાની જરૂર નથી...
2. કોઈ અઘરો ગ્રંથ આપણે ભણી ન શક્યા..., ઉપસ્થિત ન કરી શક્યા..., ઘણો સમય લાગ્યો.... જો આપણે પ્રમાદ ન કર્યો હોય, ક્ષયોપશમની મંદતા વગેરેના કારણે જ ન ભણાયું / યાદ રહ્યું હોય, તો પણ આપણે અફસોસ કરવાની જરૂર નથી... કેટલા

ગ્રંથો ભણ્યા / યાદ રહ્યા; તે જેટલું મહત્ત્વનું છે; તેના કરતાં કેટલા કલાક સ્વાધ્યાય કર્યો, અપ્રમત્ત રહ્યા, તે વધુ મહત્ત્વનું છે.... {અલબત્ત, વધુ ભણવા અને ભૂલી જવા કરતાં ઓછું ભણીને યાદ રાખવામાં લાભ વધુ જ છે.} વડીલોએ પણ કેટલા ગ્રંથો ભણ્યા ? તેમ પૂછવાના બદલે કેટલા કલાક ભણો છો ? તે પૂછવું જોઈએ.

3. ભણવા – સમજવા છતાં રજૂઆત કરવાની શક્તિ ન હોવાના કારણે લેખક ન બની શક્યા કે પ્રવચનકાર ન બની શક્યા, તો પણ અફસોસ કરવાની જરૂર નથી... લેખનશક્તિ કે પ્રવચનશક્તિ – પરહિત માટે ઉપયોગી છે; સ્વહિત માટે આવશ્યક નથી...
4. ગોચરી માટેનો ક્ષયોપશમ/લબ્ધિ ન હોવાના કારણે કદાચ ગોચરીની ભક્તિનો લાભ ન લઈ શકાય... તો પણ અફસોસ ન કરવો... વૈયાવચ્ચના બીજા અનેક પ્રકાર છે જ...

દિગ્દર્શન માટે આટલા પ્રસંગો જણાવ્યા છે. બાકીનું સ્વયં વિચારી શકાશે....

સાર એટલો જ છે →

શક્તિ ન હોવાથી આત્માને કશું નુકસાન નથી. સંયમજીવન ગુણની પ્રાપ્તિ – વૃદ્ધિ માટે છે...

ગુરૂવર્યોએ પણ શિષ્યોને ગુણવિકાસ માટે પ્રેરવા જોઈએ. તેને પ્રોત્સાહક વાતાવરણ ઊભું કરવું જોઈએ...

અલબત્ત, શક્તિ (પુણ્ય) થી શાસન ચાલે છે. આચાર્યાદિ પદો શક્તિસંપન્નને જ આપવાના હોય છે. એટલે જેનામાં શક્તિ દેખાય, તેને પાયાના ગુણોના વિકાસ બાદ, શક્તિનો જિનશાસન રક્ષા/પ્રભાવના માટે વિકાસ/ઉપયોગ કરવા પ્રેરવાના છે; પણ તે એ રીતે હરગિઝ નહીં કે શક્તિહીનોને લઘુતાગ્રંથિ ઉત્પન્ન થાય, શક્તિની હોડમાં તેઓ જોડાઈ જાય !

વ્યવહાર/નિશ્ચય અને દુર્નય

નય એટલે વિચારવાનો/જણાવવાનો દૃષ્ટિકોણ.

આપણે ત્યાં નયના ત્રણ પ્રકાર બતાવ્યા છે.

1. **દુર્નય :** જે વિરોધી નયનું ખંડન કરે.
   જેમ કે, પૃથ્વી નિત્ય જ છે.
   આમાં 'જ' થી અનિત્યતા નું ખંડન છે.
2. **સુનય :** જે વિરોધી નયને સાપેક્ષ હોય, તેનો પરોક્ષ સ્વીકાર હોય.
   જેમ કે, પૃથ્વી નિત્ય પણ છે.

આમાં ' પણ' થી અનિત્યતાનો સ્વીકાર છે.

3. **નય** : જે વિરોધી નયને સાપેક્ષ પણ ન હોય, તેનું ખંડન પણ ન કરે.
જેમ કે, પૃથ્વી નિત્ય છે.
આમાં અનિત્યતાનો સ્વીકાર પણ નથી, ખંડન પણ નથી.

દુર્નયને જ એકાંત, સુનયને જ અનેકાંત કહીએ છીએ.
વ્યવહાર અને નિશ્ચય નયો આચરણમાં પણ હોય છે.
વ્યવહારનયમાં આ ત્રણ પ્રકાર આ રીતે થશે.

1. **સુનય** : જે વ્યવહારના પાલનમાં, નિશ્ચયને લાવવાનું, દઢ કરવાનું લક્ષ્ય હોય; જે વ્યવહારનું પાલન નિશ્ચયને લાવનારું, વધારનારું હોય.
2. **નય** : જ્યાં વ્યવહારના પાલનમાં નિશ્ચયનું કોઈ લક્ષ્ય નથી. અને પાલન એ રીતે નથી થતું કે નિશ્ચયને લાવે, કે નિશ્ચયને દૂર કરે.
3. **દુર્નય** : જ્યાં વ્યવહારના પાલન પાછળનું લક્ષ્ય હકીકતમાં નિશ્ચયનું વિરોધી હોય, અથવા પાલન એ રીતે થતું હોય કે નિશ્ચયથી દૂર કરે.

દરેક આચાર રૂપી વ્યવહાર સાથે, કોઈને કોઈ ગુણપ્રાપ્તિ કે દોષનાશનું લક્ષ્ય જોડાયેલું છે.
ગુર્વાજ્ઞાપાલન પાછળ સમર્પણ ગુણને કેળવવાનું, દષ્ટિરાગને જીતવાનું લક્ષ્ય જોડાયેલું છે.
પ્રતિક્રમણ સાથે પાપની જુગુપ્સા (હેયતા) જોડાયેલી છે.
પણ આ બધા જુદા જુદા આચાર સાથે જોડાયેલા બધા જ નિશ્ચયોનો પણ અંતિમ નિશ્ચય એક જ છે – રાગ–દ્વેષ નો નાશ.
જે પણ આચારપાલન, રાગ–દ્વેષને ઘટાડવાના લક્ષ્યથી થાય, રાગ–દ્વેષ ઘટાડે – તે સુનય.
જે પણ આચારપાલન, રાગ–દ્વેષને વધારનારું બને, તે તો દુર્નય બને છે.
એટલે જ પ્રભુશાસનમાં આચાર–પાલનમાં અનેકાંત છે.
જો આચારપાલન રાગ–દ્વેષને વધારનારું બનતું હોય, તો તે ન કરવું – તે જ માર્ગ છે.

આપણે જે આચાર–પાલન કરીએ છીએ, તે સુનય છે કે દુર્નય ?
સુનય હોય, તો પ્રધાન દ્રવ્યક્રિયા છે, અથવા ભાવક્રિયા છે. મોક્ષપ્રાપક બનશે.
દુર્નય હશે, તો અપ્રધાન દ્રવ્યક્રિયા છે. બે–ચાર વાર સદ્ગતિ આપીને દુર્ગતિની પરંપરા ઊભી કરશે. કારણકે સદ્ગતિમાં રાગની સામગ્રી પુષ્કળ મળશે.

આપણને કેટલાક વ્યવહારોનું પાલન દઢ થઈ ગયું હોય છે, જેમ કે નિર્દોષ ગોચરી..
રોટલી વધારે દોષવાળી હોય, તો છોડીને ઓછા દોષવાળી મીઠાઈ લઈ લઈએ.

ત્યારે એ વિચારવું જોઈએ કે આ ખરેખર સુનય બને છે?
ન જ બને, એવો આક્ષેપ મારે કરવો નથી.
રાગ વિના પણ મીઠાઈ વાપરનારા મહાપુરુષો હોય છે.
જો કે વીતરાગ ન થઈએ ત્યાં સુધી, સર્વથા રાગરહિતતા સંભવિત જ નથી.
પણ વિશિષ્ટ રાગ ન થાય – કે જેની નોંધ લેવાય, રોટલીમાં થતો હોય તેટલો જ થાય – કે થોડો જ વધારે થાય; તો ઉપચારથી કહી શકાય કે – રાગ વિના મીઠાઈ વાપરી.
પણ આપણું આત્મ–નિરીક્ષણ કરતાં એમ લાગતું હોય કે મીઠાઈમાં તીવ્ર રાગ થાય છે; તો પછી રોટલી છોડીને મીઠાઈ વાપરવી – તે સુનય ખરો ?
શંકા : વધારે દોષવાળું વાપરવાથી વિરાધના વધારે થાય તેનું શું ?
સમાધાન : રાગથી બચવા જે વિરાધના વધારે થાય, તે સ્વરૂપ–હિંસા જ છે, અનુબંધહિંસા નથી. ઉપવાસમાં પેટના કૃમિઓ મરે છે જ. છતાં શરીરની સુખશીલતા રૂપી રાગને તોડવા, તે સ્વીકૃત છે. વિહારમાં વિરાધના અનિવાર્ય છે. છતાં એક સ્થાનની પ્રતિબદ્ધતા છોડવા તે સ્વીકૃત છે જ.

જે સાધુ વધારે દોષથી બચવા ઓછા દોષવાળી મીઠાઈ વાપરે, તેમાં તીવ્ર રાગ કરે, તો સાતમેથી છઠ્ઠે ગુણસ્થાનકે પડે, એ નિશ્ચિત છે.
રાગ થી બચવા વધારે દોષ સ્વીકારે, તે તો કદાચ વિશિષ્ટ અપ્રમાદ છે. છઠ્ઠે હશે – તો ય સાતમે જશે.

હિંસા અપવાદે સ્વીકાર્ય જણાવાઈ છે. રાગ તો અપવાદે પણ સ્વીકાર્ય નથી.

અલબત્ત, સમુદાયમાં શું કરવું ? તે ગીતાર્થ વડીલને આધીન છે. વ્યક્તિગત નિર્ણય પણ ગીતાર્થની અનુજ્ઞાને આધીન છે.
પણ, આપણી વિચારની દિશા કઈ હોવી જોઈએ ? તે જણાવ્યું છે.